RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 137, Dt.21-08-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# OBC અને SC-ST વિદ્યાર્થી સામાન્ય બેઠક પર પ્રવેશ મેળવવા હકદાર

## સુપ્રિમ કોર્ટનો અનામતને લઈને મહત્વનો ચુકાદો : દેશની સર્વોચ્ચ અદાલતે મધ્યપ્રદેશ હાઈકોર્ટનો એ ફેંસલો રદ કર્યો જેમાં અનામતનો લાભ લઈ રહેલા મેધાવી છાત્રોને સામાન્ય શ્રેણીની સીટ પર પ્રવેશ નહિ દેવાનું ફરમાન થયુ હતુ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે ગઈકાલે અનામતને લઈને મોટો નિર્ણય આપ્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતે મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને રદ કર્યો, જેમાં અનામતનો લાભ લેવા માટે મેરીટોરીયસ વિદ્યાર્થીઓને જનરલ કેટેગરીની બેઠકો પર પ્રવેશ ન આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે જો અન્ય પછાત વર્ગ (ઓબીસી), અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) કેટેગરીના મેરીટોરીયસ વિદ્યાર્થીઓ તેમની યોગ્યતાના આધારે સામાન્ય ક્વોટાની બેઠકો પર પ્રવેશ મેળવવા માટે હકદાર છે, તો તેઓ અનામત બેઠકો પર પ્રવેશ મળવો જોઈએ નહીં.

જસ્ટિસ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેન્ચે મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્ણય સામે રામ નરેશ ઉર્ફે રિંકુ કુશવાહા અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને સ્વીકારતી વખતે આ નિર્ણય આપ્યો હતો. બેન્ચે કહ્યું કે જો ઘઈઈ, જઈ અને જઝ કેટેગરીના વિદ્યાર્થીઓ તેમની યોગ્યતાના આધારે બિનઅનામત એટલે કે સામાન્ય ક્વોટામાં પ્રવેશ મેળવવા માટે હકદાર છે, તો તેમને માત્ર બિનઅનામત બેઠકો પર જ પ્રવેશ મળવો જોઈએ.



સર્વોચ્ચ અદાલતે સૌરવ યાદવ અને અન્ય વિરુદ્ધ ઉત્તર પ્રદેશ સરકારના કેસમાં આપેલા તેના અગાઉના નિર્ણય પર આધાર રાખીને આ નિર્ણય આપ્યો છે. આ મામલો મધ્યપ્રદેશની એક મેડિકલ કોલેજમાં MBBS એડમિશન સાથે સંબંધિત છે, જેમાં અનામત કેટેગરીના મેરિટોરીયસ વિદ્યાર્થીઓને જનરલ ક્વોટા હેઠળ પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે આ મામલો મધ્યપ્રદેશમાં MBBS સીટો પર નોમિનેશન સાથે જોડાયેલો છે. કુલ બેઠકોમાંથી ૫% સરકારી શાળા (GS) વિદ્યાર્થીઓ માટે અનામત હતી. મધ્યપ્રદેશ શિક્ષણ પ્રવેશ નિયમો ૨૦૧૮ ના નિયમ ૨ (લ) મુજબ ઘણી બેઠકો ખાલી રહી છે. બેઠકો GS-UR કેટેગરીમાંથી ઓપન કેટેગરીમાં ખસેડવામાં આવી હતી. અરજીમાં એવી પ્રાર્થના કરવામાં આવી હતી કે સરકારી શાળાઓમાં ભણેલા અનામત કેટેગરીના મેરિટોરિયસ વિદ્યાર્થીઓને બિનઅનામત વર્ગના સરકારી શાળા ક્વોટા હેઠળ એમબીબીએસમાં પ્રવેશ આપવામાં આવે. અરજદારોએ સરકારી શાળાઓમાંથી ખઈઈજમાં પાસ થયેલા મેરીટોરીયસ વિદ્યાર્થીઓને સામાન્ય બેઠકો પર પ્રવેશ ન આપવા સામે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. અહીં તેની અરજી ફગાવી દેવામાં આવી હતી. જોકે સુપ્રીમ કોર્ટે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સૌરવ યાદવ અને અન્ય વિરુદ્ધ ઉત્તર પ્રદેશ સરકારના કેસમાં આપેલા તેના અગાઉના ચુકાદાને આધાર બનાવીને તાજેતરનો જજમેન્ટ આપ્યો. આ મામલો મધ્યપ્રદેશની એક મેડિકલ કોલેજમાં ખઈઈજ એડમિશન સાથે સંબંધિત હતો, જેમાં અનામત કેટેગરીના મેરિટોરીયસ વિદ્યાર્થીઓને જનરલ ક્વોટામાં પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

# બાંગ્લાદેશમાં ફરી હિન્દુઓને નિશાન બનાવી મંદિરમાં કરી તોડફોડ

## ગૌશાળામાં લુંટફાટ, ૧૫ મકાનો ફૂંકી માર્યા: ભગવાનની મૂર્તિઓ રસ્તા પર ફેંકી; ડીજે – સંગીત વગાડવા પર પ્રતિબંધનો ફતવો

**મુખ્ય સમાચાર,ઢાંકા**

બાંગ્લાદેશમાં ભયાનક હિંસા તથા રાજકીય ઉથલપાથલ બાદ માંડ હાલત સ્થિર થવા લાગી હતી ત્યાં ફરી કટ્ટરવાદીઓએ હિન્દુઓને નિશાન બનાવ્યા હતા. હિન્દુઓના મકાનોમાં તોડફોડ આગજની ઉપરાંત મંદિરોની મુર્તિ ફેંકી દેવા ગૌશાળામાં લુંટફાટ તથા સ્મશાન ઘાટમાં તોડફોડ જેવી શ્રેણીબદ્ધ ઘટનાઓથી હિન્દુઓમાં ફરી ભયનો માહોલ સર્જાયો છે.

બાંગ્લાદેશમાં નવી કાર્યવાહક સરકારનાં વડાએ હિન્દૂઓની સલામતીની બાહેંધરી આપ્યા પછી પણ હિંસાના સિલસિલાથી ખળભળાટ છે. હિંસા રાજકીય ઉથલપાથલનો ભોગ બનેલા રાષ્ટ્રમાં હિન્દુઓ પર હુમલા હિંસાનો નવો દોર શરૂ થયો હોય તેમ ધાર્મિક કટ્ટરવાદીઓએ આતંક સર્જયો હતો.ઠાકુરગાંવના દેવીગંજમાં કટ્ટરવાદી તોફાનીઓએ હિન્દુઓનાં ૧૫ ઘર સળગાવી નાખ્યા હતા.

ઉપરાંત મંદિરોમાં તોડફોડ કરીને મૂર્તિઓ બહાર ફેંકી દીધી હતી. ગૌશાળાને નિશાન બનાવીને લુંટફાટ આચરવામાં આવી હતી. ઉપરાંત હિન્દુઓનાં સ્મશાનને ટારગેટ કરીને કચ્ચરઘાણ વાળવામાં આવ્યો હતો. તેને પગલે ફરી વખત ભયનો માહોલ ઉભો થયો છે. સુત્રોના કહેવા પ્રમાણે કટ્ટરવાદીઓએ હિન્દુ વિરોધી ફરમાન કર્યુ છે.મુસ્લીમ બહુમતી ધરાવતા ગામડાઓમાં હિન્દુઓને ડીજે-સંગીત વગાડવા પર પ્રતિબંધ મુકતો ફતવો જારી કરવામાં આવ્યો છે. અન્યથા ગંભીર પરીણામ ભોગવવાની ચેતવણી આપવામાં આવી છે.



બીજી તરફ ગત ૫મી ઓગસ્ટના બળવા બાદ બાંગ્લાદેશમાંથી હિન્દુઓની હકાલપટ્ટી કરવાની ચળવળ શરૂ થઈ છે.જમાત-એ ઈસ્લામી નામના સંગઠન તથા વિપક્ષી નેશનલીસ્ટ પાર્ટીનાં ખાનગી સંદેશા ટેલીગ્રામ પર લીક થયા છે.તેમાં સરકારી નોકરીમાંથી હિન્દુઓને હાંકી કાઢવા તથા દેશમાંથી ભગાડી મુકવા સુચવવામાં આવી રહયું છે. તેઓ વિરૂદ્ધ કાવતરાના ગુના દાખલ કરવા તથા વિવિધ રીતે નિશાન બનાવવા પણ ઉશ્કેરણી કરવામાં આવી હતી.આ પ્રકારનાં ઉશ્કેરાટ સર્જતા સંદેશાઓના ભાગરૂપે યુનિવર્સીટીમાંથી વીસી-પ્રોફેસરોનાં બળજબરીપૂર્વક રાજીનામાં લેવાય રહ્યાના નિર્દેશ છે.જમાત-એ-ઈસ્લામ તથા વિપક્ષી પાર્ટીનાં લીક થયેલા સંદેશાઓમાં ભારતીયોને પદ્ધતિસર નબળા કરવા તથા દેશમાંથી હિન્દૂઓને ભગાડવા કહેવામાં આવી રહ્યું છે.

# વિધાનસભાના ટુંકા સત્રનો પ્રારંભ: સરકાર - વિપક્ષો સામસામા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસનાં ટુંકા સત્રનો આજથી પ્રારંભ થયો હતો. પ્રશ્નોતરીનો છેદ ઉડાડીને માત્ર ત્રણ જ દિવસનું સત્ર રાખવામાં આવ્યુ હોવાથી શાસક અને વિપક્ષો સામસામા છે. ભ્રષ્ટાચાર સહીતના મુદાઓ પર તડાફડી સર્જાવાના એંધાણ છે. ત્રણ દિવસનાં સત્રમાં સરકાર દ્વારા અંધશ્રધ્ધા-કાલાજાદુ પર પ્રતિબંધ મુકતો કાયદો પસાર કરવામાં આવશે.આ સિવાય દારૂ સાથે પકડાતા વાહનોની તત્કાળ હરરાજીના અધિકાર ભ્રષ્ટાચારી અધિકારીઓની અપ્રમાણસર સંપતિ જપ્ત કરવા સહીત પાંચ વિધેયકો રજુ કરવામાં આવશે.

આવકના નિશ્ચિત સ્ત્રોત કરતા વધુ કમાણી કરીને અપ્રમાણસર સંપતિ ઉભી કરતા ભ્રષ્ટાચારીઓની ગેરકાયદે સંપતિ જપ્ત કરવાની ઝડપી પ્રક્રિયા માટે ખાસ કોર્ટની પણ જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત પ્રોહીબીશન સુધારા વિધેયકમાં દારૂ સાથે પકડાતા વાહનોનાં કેસોમાં અદાલતી ચુકાદા પુર્વે જ હરરાજીની સતા સરકારને મળશે.દારૂ સાથે પકડાતા વાહનો પોલીસ સ્ટેશનોમાં ભંગાર થઈ જતા હોવાથી તેનો વહેલો નિકાલ શકય બનશે.અંધશ્રધ્ધા-કાળાજાદુ નામે લોકો સાથે થતી છેતરપીંડી શોષણ રોકવા માટે પણ તે વિશેનું મહત્વનું વિધેયક પેશ કરાયું છે.



કોંગ્રેસના વિપક્ષી નેતા અમીત ચાવડાએ વિધાનસભાનુ સત્ર માત્ર ત્રણ દિવસનું રાખવા બદલ સરકારની ટીકા કરી હતી. વિવિધ મુદાઓ પર ચર્ચા થઈ શકે તે માટે ૧૦ દિવસનું સત્ર રાખવાની માંગ કરી હતી.

વિધાનસભા સત્રના આજના પ્રથમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત સરકાર રચવા પર અભિનંદન આપતો પ્રસ્તાવ પસાર કરાનાર છે. વિવિધ મુદ્દે સરકાર વિપક્ષો વચ્ચે હંગામો સર્જાવાના એંધાણ છે.

# ભારત બંધને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ, ક્યાંક સજ્જડ બંધ તો ક્યાં બજારો અંશતઃ ખુલ્લા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં એસસી-એસટી અનામતના સંદર્ભમાં પેટા જાતિના વર્ગીકરણ તેમજ ક્રિમી લેયરના મુદ્દે સર્વે માટેનો ચુકાદો અપાયો હતો. આ ચુકાદાની સામે વિરોધ દર્શાવવા સમસ્ત એસસી-એસટી સમાજ દ્વારા ૨૧ ઑગસ્ટે એટલે કે આજે ભારત બંધનું એલાન અપાયું છે. ત્યારે આ રાષ્ટ્ર વ્યાપી બંધની ગુજરાતમાં મિશ્ર અસર જોવા મળી હતી.

એસસી-એસટી એકતા મંચ અરવલ્લી જિલ્લા દ્વારા ભીલોડા બંધનું એલાન અપાતા તંત્રને એલર્ટ કરાયું છે. જો કે ભીલોડામાં બંધને મંજૂરી અપાઈ છે, પરંતુ સ્થાનિક તંત્રે પોલીસ, મેડિકલ અને ફાયર સહિતની ઈમરજન્સી સેવાઓને બાકાત રાખી બંધ વખતે સામાન્ય નાગરિકોને સહકાર આપવાની



એસસી-એસટી મંચ દ્વારા અપીલ કરાઈ છે.

બીજી તરફ, ભારત બંધના એલાનને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. જેમ કે, વિજયનગર, ભીલોડા અને દાંતામાં બજારો સ્વયંભૂ બંધ જોવા મળ્યા હતા, જ્યારે અમુક આદિવાસી વિસ્તારોમાં બજારો ખુલ્લા પણ હતા. ગુજરાતમાં ખાસ કરીને આદિવાસી વર્ચસ્વ ધરાવતા વિસ્તારોમાં સમર્થન મળ્યું છે. ગુજરાતના દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા, દાંતા, અરવલ્લી, નર્મદા, નવસારી, છોટા ઉદેપુર સહિતના જિલ્લા પણ આ બંધમાં જોડાયા છે. હડાદ, દાંતા, મંડાલી, ઈડર, ઉમરપાડા, સાબરકાંઠા, વ્યારા, સોનગઢ, ઉમરપાડા, વિજયનગર સહિત નર્મદા જિલ્લામાં પણ બંધની અસર જોવા મળી હતી. જો કે, અહીં પણ અનેક વિસ્તારોમાં બજારો અંશતઃ ખુલ્લા જોવા મળ્યા હતા.

# ઈન્ટરનેટને લઈને ભારતે બનાવ્યો નવો રેકોર્ડ

## હાલ ૯૫.૪ કરોડ ઈન્ટરનેટ યુઝર્સ: બ્રોડબેન્ડ ધારકો ૯૨.૪ કરોડ :દેશમાં ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડ યુઝર્સની સંખ્યામાં ઝડપથી વૃધ્ધી : ગયા વર્ષે ૨.૩ કરોડ નવા ઈન્ટરનેટ યુઝર્સ ઉમેરાયા : બ્રોડબેન્ડ ધારકોની સંખ્યા ૯.૧૫% વધી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતે ૭.૩ કરોડ ઈન્ટરનેટ સબસ્ક્રાઈબર ઉમેર્યા છે અને બ્રોડબેન્ડ સબસ્ક્રાઈબર્સમાં પણ નવો રેકોર્ડ બનાવ્યો છે. કારણ કે ભારતે એક વર્ષમાં ૭.૮ કરોડ બ્રોડબેન્ડ ગ્રાહકો ઉમેર્યા છે. આ પછી, દેશભરમાં ૧૧૯.૯ કરોડ ગ્રાહકો જોડાયા છે. સરકારે મંગલાવારને આ સંબંધિત માહિતી આપી. ગયા વર્ષે માર્ચથી આ વર્ષના માર્ચની વચ્ચે, તે ૮૮.૧ કરોડ ગ્રાહકોથી વધીને ૯૫.૪ કરોડ ગ્રાહકો પર પહોંચી ગયો છે. જો આ રીતે જોવામાં આવે તો વૃદ્ધિ ૮.૯ ટકા સાબિત થાય છે.

બ્રોડબેન્ડ ગ્રાહકોની સંખ્યામાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. કારણ કે તેની સંખ્યા પણ એક વર્ષમાં ૮૪.૬ કરોડથી વધીને ૯૨.૪ કરોડ થઈ ગઈ છે. આ અંગેની માહિતી ટ્રાઈ દ્વારા પણ આપવામાં આવી છે. તે જ સમયે, ઈન્ટરનેટ સબસ્ક્રાઈબર્સની સંખ્યામાં ૮.૩૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. કારણ કે એક વર્ષમાં લગભગ ૭.૩ કરોડ ઈન્ટરનેટ ગ્રાહકો વધી ગયા છે. જ્યારે બ્રોડબેન્ડ ગ્રાહકોની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે કારણ કે તેમાં ૯.૧૫ ટકાનો વધારો થયો છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે યુઝર્સને હાઈ-સ્પીડ કનેક્ટિવિટી મળી રહી છે.

વાયરલેસ ડેટા સબસ્ક્રાઈબર્સની વાત કરીએ તો તેમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. અગાઉ વાયરલેસ ડેટા સબસ્ક્રાઈબર્સની સંખ્યા ૮૪.૬ કરોડ હતી જે વધીને ૯૧.૩ કરોડ થઈ ગઈ છે. એટલે કે તેમાં પણ લગભગ ૭.૯૩ ટકાનો વધારો જોવા મળ્યો છે. વાયરલેસ ડેટા વપરાશની કુલ સંખ્યા પણ અગાઉ ૧,૬૦,૦૫૪ ભ્ભ્ હતી જે પાછળથી વધીને ૧,૯૪,૭૭૪ થઈ ગઈ છે. એટલે કે તેમાં પણ લગભગ ૨૧.૬૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. આવી સ્થિતિમાં, એવું કહી શકાય કે ભારતમાં ઈન્ટરનેટનો ઉપયોગ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે.




ટેલિફોન ગ્રાહકોની વાત કરીએ તો તેઓ ભારતમાં પણ ઝડપથી વધી રહ્યા છે. તેમની સંખ્યા પણ ૧૧૭.૨ કરોડથી વધીને ૧૧૯.૯ કરોડ થઈ છે. આવી સ્થિતિમાં તેનો ગ્રોથ પણ ૨.૩૦ ટકા જોવા મળ્યો છે. જો આ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો, હવે ટેલી-ડેન્સિટીમાં ઘણો બદલાવ જોવા મળી રહ્યો છે અને વધુને વધુ યુઝર્સ ઉમેરવાના નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. વાર્ષિક ગ્રોથ પણ વધુ જોવા મળશે. ઉપયોગની મિનિટોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. એટલે કે એકંદરે જોવામાં આવે તો તમામ આંકડાઓ ઝડપથી વધી રહ્યા છે જે ભારત માટે સકારાત્મક સમાચાર હોઈ શકે છે.

# ઈન્કમટેક્સ વિભાન એક્શનમાં:રૂા.૪૩ લાખ કરોડની ટેક્સ ડીમાંડ, ટોપ – ૫૦૦૦ કેસોમાં ધોકો પછાડશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આવકવેરા નિયમોમાં વખતોવખત ફેરફારો વચ્ચે બાકી વસુલાતનો આંકડો હવે ૪૩ લાખ કરોડે પહોંચ્યો છે ત્યારે ઈન્કમટેક્સ વિભાગે ટોપ-૫૦૦૦ કેસો પર ધ્યાન કેન્દ્રીત કરીને રિકવરીની તાકીદ કરી છે બાકી નાણાંની વસુલાત વધારવા તથા કાનુની દેશોમાં અટવાયેલા નાણાનું પ્રમાણ ઘટાડવા સુચના આપવામાં આવી છે.

આવકવેરાની બાકી નાણાંની વસુલાત પર ફોકસ સાથે એકશન પ્લાન ઘડવામાં આવ્યો છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ મોટા કેસો ચકાસવા-મુલ્યાંકન કરવા માટે, ખાસ ટીમો નિયુકત કરવા અને તેની યાદી સપ્ટેમ્બર સુધીમાં બોર્ડને મોકલવા તમામ ઝોનને સુચવ્યુ છે. કાનુની વિવાદમાં અટવાયેલા સહીતના મોટી રકમનાં તમામ કેસોને લીસ્ટમાં આવરી લેવાની તાકીદ કરવામાં આવી છે.

૧૦ વર્ષથી જુના કેસો માંડવાળ કરવા કે આક્રમક અભિગમ અને વસુલાત વિશે પણ ચકાસણી કરવા કહેવામાં આવ્યું છે.કરદાતા લાપતા હોય અને કોઈ સગડ મળતા ન હોય તો તેવા કિસ્સામાં અલગ રણનીતિ ઘડવાની સુચના આપવામાં આવી છે.

ચાલુ નાણાંકીય વર્ષ માટે ટેકસ વિભાગે તૈયાર કરેલા એકશન પ્લાનમાં મહત્વના ક્ષેત્રોની ટેકસ ડીમાંડ અને વસુલાત પર ફોકસ રાખવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારને વિવિધ યોજનાઓ પાછળ જંગી ખર્ચ કરવાનો થાય છે. ત્યારે મહતમ આવક ઉભી કરવા માટે દેશભરનાં આવકવેરા ઝોન-કમીશ્નરોને કહેવામાં આવ્યુ છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ દ્વારા ૧૬.૭ કરોડની નેટ વસુલાતનો અંદાજ રજુ કરવામાં આવ્યો છે અને બાકી નાણાની ૮ લાખ કરોડની રિકવરીનો ટારગેટ નકકી કરવામાં આવ્યો છે.૩૫ ટકા અર્થાત ૨.૮ લાખ કરોડ મુંબઈમાંથી વસુલવાનો ટારગેટ છે.દિલ્હી માટે રૂા.૮૬૬૯૨ કરોડનો છે. તામીલનાડુ-પોંડીચેરીની પણ મોટી રકમ છે. બાકી નાણાંની વસુલાત ઉપરાંત ઈન્કમટેક્સના એકશન પ્લાનમાં મોટો નાણાંકીય ખર્ચ કરતાં લોકો-કરદાતાઓ પર પણ વોચ રાખવા કહેવામાં આવ્યું છે. હોટેલ-પ્રવાસન તથા હોસ્પીટલોનાં વ્યવહારો ઉપરાંત




કરદાતા દ્વારા રિટર્નમાં દર્શાવાયા ન હોય તેવા મોટા વ્યવહારો ટ્રેસ કરવાની સુચના આપવામાં આવી છે.કેન્દ્ર સરકારનાં બજેટમાં યોજનાનાં ખર્ચ સતત વધી રહ્યો છે. કલ્યાણકારી યોજનાઓ ઉપરાંત જુના-નવા પ્રોજેકટો પર પણ મોટો ખર્ચ કરવાનો થાય છે અને તે માટે નાણાં એકત્રિત કરવાનું અનિવાર્ય છે.

# કોલકતા ડોક્ટર કેસમાં પીડિતાનો ફોટો, વીડિયો અને નામ સોશિયલ મીડિયા પરથી તુરંત હટાવવા સુપ્રીમ કોર્ટનો આદેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે મંગળવારે આદેશ આપ્યો છે કે કોલકતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બળાત્કાર અને હત્યાનો ભોગ બનેલી મહિલા ડોક્ટરના નામ, ફોટોગ્રાફ્સ અને વીડિયો તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી હટાવવામાં આવે.

મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું કે જાતીય સતામણીનો ભોગ બનેલી વ્યક્તિની ઓળખ જાહેર કરવી એ સર્વોચ્ચ અદાલતના અગાઉના આદેશોનું ઉલ્લંઘન છે. બેન્ચમાં જસ્ટિસ જે.બી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ સામેલ હતા.

ખંડપીઠે કહ્યું, અમારે મનાઈ હુકમ જારી કરવો પડશે કારણ કે મૃતકની ઓળખ અને મૃતદેહની તસવીરો સોશિયલ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં જાહેર કરવામાં આવી છે. કોર્ટે આદેશ આપ્યો છે કે, આ ઘટનામાં મૃતકના નામ, ફોટોગ્રાફ્સ અને વીડિયો ક્લિપ્સ તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી તાત્કાલિક હટાવી દેવામાં આવે.

સુપ્રીમ કોર્ટનો આ આદેશ વકીલ કિનોરી ઘોષ અને અન્ય લોકોની અરજી પર આવ્યો છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે મૃતકનું નામ અને ફોટોગ્રાફ્સ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને એક્સ જેવા પ્લેટફોર્મ પર ફેલાવવામાં આવ્યા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે મૃતકના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર સર્ક્યુલેટ કરવામાં આવ્યા છે, જે અત્યંત ચિંતાજનક છે. અભિવ્યક્તિની સ્વતંત્રતાને માન્યતા આપતા કોર્ટે કહ્યું કે બળાત્કાર પીડિતાનું નામ સાર્વજનિક કરી શકાય નહીં.

કોર્ટે કહ્યું, અમે અભિવ્યક્તિની સ્વતંત્રતામાં માનીએ છીએ, પરંતુ તેના માટે કેટલાક માપદંડો છે. નિપુન સક્સેના કેસ જેવા કેસમાં કોર્ટના આદેશ છે કે જાતીય સતામણીનો ભોગ બનેલી યુવતીનું નામ જાહેર કરવામાં નહીં આવે.



સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં નિપુન સક્સેના કેસમાં પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ પ્રિન્ટ, ઈલેકટ્રોનિક અથવા સોશિયલ મીડિયામાં મૃતકના નામ કે ઓળખ સાથે જોડાયેલી કોઈપણ માહિતી પ્રકાશિત કરી શકે નહીં.

# જામનગર મનપાની સામાન્ય સભા તોફાની બની: સતાપક્ષ-વિપક્ષ આમને- સામને

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ગંદકી, ખાડા, રોગચાળા મુદે મહાપાલિકાની સામાન્ય સભામાં વિપક્ષે તડાપીટ બોલાવી સતાધીશો પર પસ્તાળ પાડી હતી. શહેર ખાડાનગર બનતા વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા હોય યુધ્ધના ધોરણે માર્ગોનું પેચવર્ક કરવા ઉગ્ર માંગણી કરી હતી. મંજૂર થયેલું ત્રીજું સ્મશાન કોના કહેવાથી બનતું નથી તેવો ટોણો વિપક્ષે મારતા ચેરમેને ટૂંક સમયમાં કામ શરૂ થવાની હૈયાધારણા આપી હતી.જામનગર મહાપાલિકાની સામાન્ય સભા મેયર વિનોદ ખીમસૂર્યાના અધ્યક્ષ સ્થાને મંગળવારે મળી હતી. જેમાં એજન્ડા મંજૂર થયા બાદ



પ્રશ્નોતરીમાં વિપક્ષ કોંગ્રેસના નગરસેવકોએ શહેરમાં કોલેરા, ચાંદીપુરાના રોગચાળા, ગંદકી અને ખાડા પ્રશ્ને સતાધીશો પર પસ્તાળ પાડી હતી. કોંગી નગરસેવક અલ્તાફ ખફીએ કહ્યું હતું કે, અમારા વોર્ડના અમુક વિસ્તારોમાં તો ચોમેર ગંદકી જોવા મળી રહી છે. આ ગંદકી વચ્ચે એક દિવસ રહો તો રૂ.૫૦૦૦૦ ઈનામ આપીશ તેમ કહી ભારે રોષ વ્યકત કર્યો હતો.જયારે વિપક્ષના કોર્પોરેટર અસલમ ખીલજી અને આનંદ રાઠોડે જણાવ્યું હતું કે, દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં હોસ્પિટલ પાસે ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે. આટલું જ નહીં મોરકંડા નદીમાં ગંદુ પાણી ઠાલવામાં આવી રહ્યાનો આક્ષેપ પણ કર્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે, કાલાવડ નાકા બહાર આવેલા પુલના સળીયા દેખાઈ ગયા હોય અકસ્માતનો ખતરો ઝંળુબી રહ્યો છે. આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી.ખાસ કરીને શહેરમાં ત્રીજું સ્મશાન મંજૂર થયા બાદ પણ હજુ સુધી બન્યું નથી તો બિલ્ડર કે અન્ય કોના કહેવાથી કાર્યવાહી કરવામાં આવતી નથી તેવો ટોણો વિપક્ષના સભ્યોએ માર્યો હતો. જેના જવાબમાં ચેરમેન નિલેશ કગથરાએ ટૂંક સમયમાં ત્રીજા સ્મશાન બનાવાની કામગીરી શરૂ થવાની હૈયાધારણા આપી હતી. ખાડા અંગે વિપક્ષી સભ્યોએ તડાપીટ બોલાવતા કહ્યું હતું કે, શહેર ખાડાનગર બન્યું છે. આમ છતાં માર્ગો પર પેચવર્ક કરવામાં આવતું નથી.જામનગરમાં મહાપાલિકા દ્વારા તા.૨૦-૮ થી ૩-૯ સુધી આયોજીત શ્રાવણીમેળામાં પરફોર્મન્સ લાયસન્સ ન મળતા રાઈડસ શરૂ થઈ નથી. રાઈડસનું કોકડું હજુ ગુચવાયેલું છે. કારણ કે, રાજયસરકારની નવી ગાઈડલાઈન અનુસાર કલેકટરની સૂચનાથી જિલ્લાકક્ષાની રાઈડસ અને એમ્યુઝમેન્ટ સેફટી સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં તાંત્રિક વિભાગના કાર્યપાલક ઈજનેર સહિત આરએન્ડબી, ફાયર, ઈલેકટ્રીકલ ઈન્સપેકટર, ડીપ્લોમા કોલેજ, ઈન્ડ્સ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ટેકનીકલ સહિત ૭ સભ્યોનો સમાવેશ કરાયો છે. આ સમિતિએ મંગળવારે પ્રદર્શન ગ્રાઉન્ડમાં મેળાની રાઈડસનું સ્થળ નિરીક્ષણ કરી જરૂરી પૂર્તતા કરવા સૂચના આપી હતી. પરંતુ રાઈડસ ધારકોએ ફાયર, ઈલેકટ્રીકલ ઈન્સપેકટર, ફીટનેસ, સોઈલ રિપોર્ટ સહિતના એનઓસીની નકલ સમિતિને આપી નથી.સમિતિ તમામ નિયમોની ચકાસણી કરી યોગ્ય રિપોર્ટ પ્રાંતઅધિકારીને આપશે. ત્યારબાદ પ્રાંતઅધિકારી દ્વારા પરફોર્મન્સ લાયસન્સ મંજૂર કરાયા બાદ રાઈડસ શરૂ થશે.જનરલ બોર્ડમાં ટીપી સ્કીમ ૧૧, ૨૦, ૨૫, ૨૬, ૨૭ને મંજૂરી આપવામાં આવી

સામાન્ય સભામાં તા.૧૫-૭-૨૦૨૪ થી ૩૧-૭-૨૦૨૪ સુધીની વ્યાજમાફીની ૧૦૦ ટકા સ્કીમને મંજૂરી.શ્રાવણી લોકમેળાની અપસેટ પ્રાઈઝ અને શરતો મંજૂર કરવામાં આવી.નગરરચના શહેરી વિકાસ અધિનિયમ યોજના હેઠળ ટીપી સ્કીમ નં.૧૧, ૨૦, ૨૫, ૨૬ અને ૨૭ ને મંજૂરી આપવામાં આવી.

# જોડીયા તાલુકાના જસાપર ગામે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર પશુપાલન શાખા, જિલ્લા પંચાયત જામનગર સંચાલિત પશુ દવાખાના જોડીયા દ્વારા જશાપર ગામે પશુ આરોગ્ય મેળા (ઙઅખ) નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જશાપર ગામના ૨૪ પશુપાલક લાભાર્થીઓના ૧૯૭ પશુઓને મેડીસીન, ગાયનેક, સર્જરી અને ખસીકરણની વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. તેમજ પશુપાલકોને કૃમિનાશક દવાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.ઉપરાંત પશુચિકિત્સા અધિકારી ડો.કે.એન.ખીમાણીયા અને ડો.સી.એસ.પટેલીયા દ્વારા જશાપર ગામના પશુપાલક લાભાર્થીઓને પશુપાલન વિભાગ, રાજય સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ અને આગામી માસમાં યોજાનાર ૨૧ મી પશુધન વસ્તી




ગણતરીના આયોજન વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ જામનગર જિલ્લા પ્રાણી કૂરતા નિવારણ સોસાયટીની કામગીરી અને પ્રાણી કૂરતા રોકવા અંગેના કાયદા વિશે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમ નાયબ પાશુપણ નિયામક ડો.તેજસ શુકલ, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં ખેતી વિષયક જમીન ઉપર કબ્જો કરી જમીન માલીકને ગર્ભિત ધમકી આપતા પિતા-પુત્રો સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના રવાપર ગામની સીમ સર્વે નંબર ૧૮/૧૩ પૈકી ૩ વાળી જમીન કે જે વડીલોપાર્જીત જમીન હોય તેના ખેડવાણ શેઢા તોડી ખેતી વિષયક જમીન ઉપર કબ્જો કરતા પિતા-પુત્રો વિરુદ્ધ જમીન માલીક દ્વારા લેન્ડગ્રેબિંગની ફરિયાદ નોંધાવવામાં આવી છે આ ઉપરાંત ત્રણેય પિતા-પુત્રો દ્વારા જમીન માલીક સાથે ઝઘડો કરીને પોતાની જમીન ઉપર જાવા નહીં દેવા તથા આ બાબતે પતાવી દેવાની ગર્ભિત ધમકીઓ આપ્યા હોવાની પણ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ તથા ધાક ધમકી સહિતની કલમો હેઠળ ત્રણેય પિતા-પુત્રો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર મોરબીના રવાપર ગામ વેલકમ પ્રાઈડ બંગલો વિંગ સી ફ્લેટ નં.૬૦૩માં રહેતા મયુરભાઈ લખમણભાઈ અઘારા ઉવ.૩૨ એ આરોપીઓ ધરમશીભાઈ જીવાભાઈ અઘારા, સંજયભાઈ ધરમશીભાઈ અઘારા તથા મનિષભાઈ ધરમશીભાઈ અઘારા ત્રણેય રહે.મોરબી રવાપર ગામ બોનીપાર્ક રવાપર ઘુનડા રોડવાળા સામે ફરિયાદ નોંધાવી કે ફરીયાદી માયુરભાઈની સંયુકત માલીકીની વડીલોપાર્જીત રવાપરા ગામના સર્વે નંબર ૧૮/૧૩ પૈકી ૩ ની જમીન કુલ ક્ષેત્રફળ ૧-૪૩-૬૬ હે.આર.ચો.મી. વાળીમાં ઉપરોક્ત ત્રણેય પિતા-પુત્રોએ ડીસેમ્બર-૨૦૨૨ થી ટ્રેકટરથી શેઢામાં ખેડવાણ કરી ગેરકાયદેસર કબ્જો કરી આરોપી સંજયભાઈ અને મનીષભાઈએ ફરીયાદી મયુરભાઈને તથા સાહેદો સાથે ઝઘડો કરી કહેલ કે પતમારૂ કામ તમામ કરી નાખવુ પડશેથ તેવી




વારંવાર ગર્ભીત ધમકી આપતા હોય બીજીબાજુ ફરિયાદી મયુરભાઈને તેમની માલીકીની જમીનમાં પ્રવેશવા નહી દેતા મયુરભાઈએ જમીન માપણી કરાવતા માપણી સીટ મુજબ ૦-૯૨-૦૬ હે.આર.ચોમી. જમીન ઉપર ઉપરોકત ત્રણેય આરોપીઓએ ગેરકાયદેસર દબાણ કરી શેઢા તોડી ખેડવાણ કરી કબ્જો કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે લેન્ડગ્રેબિંગ સહિતની કલમો હેઠળ ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર શહેરમાં ટ્રેન હેઠળ ઝંપલાવી યુવાને આપઘાત કર્યો



જામનગરમાં ટ્રેન હેઠળ ઝંપલાવી યુવાને આપઘાત કરી લેતા ચકચાર જાગી છે. યુવાને હાપા સ્ટેશન પરથી દોડ લગાવી પાટા પર આવી ગયો હતો. મૃતક યુવાન નવાગામ ઘેડમાં રહેતો હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે. જામનગરના હાપા રેલવે સ્ટેશન પર મંગળવારે સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ મુઝફ્ફરપુરથી પોરબંદર જઈ રહેલી ટ્રેન પ્લેટફોર્મ પર આવી હતી. આ સમયે અચાનક જ એક યુવાન દોડીને પાટા પર આવી ગયો હતો અને તેણે ટ્રેન હેઠળ ઝંપલાવી દીધું હતું.ટ્રેનના પૈડા હેઠળ યુવાન ચગદાઈ જતાં સ્થળ પર તેનું મૃત્યુ નિપજયું હતું. બનાવની જાણ થતાં રેલવે પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.વી. ડોડીયા તથા સ્ટાફ દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતક જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલા નાઘેરવાસમાં રહેતો કૈલાસભાઈ સોમાભાઈ સોલંકી (ઉ.વ.૨૨) હોવાનું ખૂલતા તેના પરિવારને જાણ કરી હતી. યુવાને કેમ આત્મહત્યા કરી તેનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરના ચંદ્રપુર નજીક માર્ગ અકસ્માતમાં ટ્રક હડફેટે સાયકલ સવાર યુવકનું મૃત્યુ નીપજ્યું

વાંકાનેરથી કેરાળા સાયકલ ઉપર જઈ રહેલા અકબરભાઈને વાંકાનેરના ચંદ્રપુર નજીક આવેલ નૂર પ્લાઝા કોમ્પ્લેક્સ પાસે ટ્રક રજી.નં. આરજે-૦૪-જીસી-૩૨૭૨ના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેદરકારી રીતે ચલાવી સાયકલ સવાર અકબરભાઈને સાયકલ સહિત હડફેટે લેતા ટ્રકનો પાછળનો ટાયરનો જોટ્ટો અકબરભાઈ ઉપર ફરી વળ્યો હતો. ત્યારે શરીરે ગંભીર ઈજા પહોંચતા અકબરભાઈનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાનું વાહન અકસ્માત સ્થળે મૂકી પોલીસ મથકમાં હાજર થયો હતો. ત્યારે અકસ્માતના બનાવમાં મૃત્યુ પામેલ અકબરભાઈના ભાઈ મૂળગામ માળીયા(મી)ના દેરાળા ગામના વતની હાલ વાંકાનેરના કેરાળા ગામે રહેતા ગુલામરસુલ સલેમાનભાઈ રતનીયા ઉવ.૩૪ એ ટ્રક ચાલક આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના નીચી માંડલ ગામ નજીકથી વિદેશી દારૂની ચાર બોટલ સાથે એક ઝડપાયો

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન તાલુકાના નીચી માંડલ ગામ નજીક તળાવીયા શનાળા રોડ ઉપર કેડીલેક સીરામીકની પાછળ એક શખ્સ બાવળની કાંટમાં શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટિકના બાચકામાં કોઈ વસ્તુ સગેવગે કરવાની પ્રવૃત્તિ કરતા ધ્યાને આવતા તુરંત પ્લાસ્ટિકના બાચકાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ત્રિપલ-એક્સ રમની ચાર નંગ પ્લાસ્ટિકની બોટલ મળી આવી હતી. આ સાથે આરોપી રવિભાઈ રાજેશભાઈ શીશાંગીયા ઉવ.૩૪ રહે.ઘુંટુ ગામ માર્કો વિલેજવાળાની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે પકડાય આરોપીની પ્રાથમિક પૂછતાછમાં ઉપરોક્ત વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે ઘુંટુ ગામમાં હરિઓમ પાર્કમાં રહેતા આરોપી દેવેન્દ્રભાઈ ત્રિભોવનભાઈ વાણંદ પાસેથી લઈ આવ્યાની કબુલાત આપતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો કિ.રૂ.૧,૪૦૦/- કબ્જે લઈ બંને આરોપીઓ સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

# જામનગરના જીવાભાઈએ પોતાનું નિવૃતિ જીવન કર્યુ પ્રકૃતિને સમર્પિત

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના જીવાભાઈએ પોતાનું નિવૃતિ જીવન કર્યુ પ્રકૃતિને સમર્પિત કયું. ગામના સીમાડે આવેલી જગ્યામાં લીમડો, પીપળો, વડ, ઉંબરો સહિતના ૧૫૦૦ વૃક્ષોનું વાવેતર કરી જતન કરી રહ્યા છે.પર્યાવરણમાં સુધારો લાવવા માટે દરેક માણસે વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ : જીવાભાઈ.ભારતીય સંસ્કૃતિમાં પર્યાવરણનું ખૂબ મહત્વ છે. હજારો વર્ષો પહેલા, ભારતીય ઋષિ-મુનિઓએ માનવ જીવનના કલ્યાણ અને સુખ માટે પર્યાવરણ અને પ્રકૃતિના સાનિધ્યનું મહત્વ સમજ્યું હતું. ભારતીય સંસ્કૃતિનો આધાર વૈદિક યુગ રહ્યો છે, અને તેનો પ્રાથમિક સ્રોત વેદો છે. વેદોના અભ્યાસ પરથી જાણવા મળે છે કે પર્યાવરણના મહત્વ અને તેના રક્ષણ વિશે ઘણી જાગૃતિ હતી. ત્યારે લોકો પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય અને વૃક્ષોનું વધુમાં વધુ વાવેતર કરે તે માટે ગુજરાત સરકાર દ્વારા પણ અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ







સમગ્ર રાજ્યમાં વન મહોત્સવની ઉજવણી તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા એક પેડ માં કે નામ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

આ અભિયાન થકી તેઓએ પ્રત્યેક ભારતીયોને પોતાની માતાના નામે એક વૃક્ષ વાવી તેનું જતન કરવાનો સંદેશ આપ્યો છે. બીજાને છાંયડો આપે છે અને પોતે ભર તડકે ઉભો રહે છે, ફળ પણ બીજાને માટે આપે છે, સાચે વૃક્ષ સત્પુરુષ સમાન છે. ત્યારે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાગાજર ગામે રહેતા જીવાભાઈ ચીખલિયાએ પણ પ્રકૃતિના પરોપકારની ભાવના સમજી છે. અને પોતાનું નિવૃતિ જીવન પ્રકૃતિને સમર્પિત કર્યુ છે. તેઓએ ગામના સીમાડે આવેલી જગ્યામાં ૧૫૦૦ જેટલા વૃક્ષોનું પૂજન કર્યા બાદ વાવેતર કરી ખરા અર્થમાં પોતાનો પ્રકૃતિપ્રેમ સાર્થક કર્યો છે. પ્રકૃતિનું રક્ષણ કરવુએ આપણી ફરજ છે.

જીવાભાઈ જણાવે છે કે, તેઓએ વર્ષ ૨૦૨૩માં શ્રાવણ માસમાં લીમડો, પીપળો, ઉંબરો જેટલા ૧૫૦૦ વૃક્ષોનું વનવિભાગની સહાયતાથી વાવેતર કર્યું છે. લીમડો આયુર્વેદિક દ્રષ્ટિએ ઘણો ગુણકારી છે, તો પીપળો ચોવીસ કલાક ઑક્સીજન આપે છે. ઉંબરાના ફળ પક્ષીઓ ખાઈ શકે છે. દરેક માણસે વૃક્ષોનું વાવેતર તો કરવું જ જોઈએ. જેથી કરીને પર્યાવરણમાં સુધાર આવે. મારા નિવૃત જીવનમાં મને વિચાર આવ્યો કે પર્યાવરણની જાળવણી માટે વૃક્ષો વાવવા છે જેથી આજુબાજુનું વાતાવરણ પણ સુધરે અને આવનારી પેઢીને પણ મદદરૂપ થાય.ઉલ્લેખનીય છે કે, જામનગર જિલ્લા કક્ષાના વનમહોસત્વ કાર્યક્રમમાં વન વિભાગ દ્વારા જીવાભાઈને અંગત રસ લઈને વૃક્ષારોપણ, વૃક્ષ ઉછેર અને તેની જાળવણી માટે યોગ્ય વ્યવસ્થા કરી સુંદર અને પ્રશંસનીય કામગીરી કરી સમાજમાં વૃક્ષ વાવેતર અને વૃક્ષ જતનનો સંદેશ પહોંચાડવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ચોટીલામાં કોટેક્ષ મિલના સંચાલકો રૂા.૩૦૦ કરોડનું ફુલેકુ ફેરવી ફરાર

## ચોટીલાની સિદ્ધનાથ કોટેક્ષ મિલનું ઉઠમણું: ખેડૂતો, મજુરો, દલાલો, નાણાં લેવા પહોંચતા મીલને તાળાં જોવા મળ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચોટીલા ખાતે હાઈવે પર આવેલી સિદ્ધનાથ કોટેક્ષ જીનીંગ મીલમાં અસંખ્ય ખેડુતોએ પોતાનું કપાસ વહેંચ્યું હતું. તો મજુરોએ તેમાં તનતોડ મહેનત કરી હતી અને દલાલોએ તેમની ગાસડીઓ વહેંચવા માટે દલાલી કરી હતી. આ તમામના પેમેન્ટ લેવાના હોવાથી આજરોજ બહોળી સંખ્યામાં ખેડુતો-મજુરો ફેક્ટરીએ પહોંચતા આ ફેક્ટરીએ અલીગઢી તાળા જોવા મળ્યા હતા અને કહેવાય છે કે, સિધ્ધનાથ કોટેક્ષ મીલના સંચાલકો ભાગીદારો ૩૦૦ કરોડનું ફુલેકું ફેરવી પલાયન થઈ ગયેલ છે. જે મામલે પોલીસ કાર્યવાહી માટે ચર્ચા વિચારણાઓ ચાલી રહી છે. ચોટીલામાં થાન રોડ પર આવેલી એક જીનિંગ મીલનું ઊઠમણું થતાં મોટી સંખ્યામાં ખેડૂતો ચિંતામાં મૂકાઈ ગયા છે. જેમાં ચોટીલા સિદ્ધનાથ




કોટેક્સ કંપનીની ઓફિસે હાલમાં ખંભાતી તાળા છે અને કંપનીના સંચાલકો ફોન નથી ઉપાડી રહ્યા. જ્યારે કેટલાક સંચાલકોના ફોન સ્વીચ ઓફ આવી રહ્યા છે. જેને લઈને ખેડૂતો ઉપરાંત દલાલો અને મજૂરો ચિંતામાં મૂકાઈ ગયા છે. અનેક ખેડૂતોએ જાંગડમાં આ સિદ્ધનાથ કોટેક્સને પોતાનો કપાસ વેચ્યો હતો. જેના રૂપિયા લેવાના બાકી હતા અને કંપનીના સંચાલકો તરફથી આજની તારીખ આપવામાં આવી હતી, પરંતુ કંપનીએ તાળા જોતાં જ રૂપિયા લેવા આવેલા ખેડૂતો ચોંકી ઊઠ્યા હતા. ખેડૂતો ઉપરાંત દલાલોને તેમની દલાલી અને ૫૦૦ જેટલા મજૂરોને પણ તેમની ૨ મહિનાની મજૂરી લેવાની બાકી છે. જેમને પણ આજની તારીખ આપવામાં આવી હતી. પરંતુ કંપનીએ તાળું હોય ખેડૂતો સહિત દલાલો અને મજૂરો ચિંતામાં આવી ગયા છે. પોતાના કપાસના રૂપિયા બને એટલે જલ્દી મળે તેવી ખેડૂતો માગ કરી રહ્યા છે. તો મજૂરોને પણ બે મહિનાથી મહેનતાણું ન મળતાં તેઓ પણ રોષ વ્યક્ત કરી રહ્યા છે. કંપનીનું ઊઠમણું થયાની વાત સામે આવતા મોટી સંખ્યામાં ખેડૂતો અને મજૂરો દોડતા કંપની ખાતે પહોંચી ગયા હતા અને હંગામો મચાવ્યો હતો. જે અંગે જાણ થતાં ચોટીલા પીઆઈ વી.આઈ.વલવી સહિતનો પોલીસ સ્ટાફ પણ તાકીદે દોડી આવ્યો હતો. અને લોકોની રજૂઆતો સાંભળીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં અપમૃત્યુના પાંચ બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેર તથા ગ્રામ્યમાં તેમજ હળવદમાં એક જ દિવસમાં અપમૃત્યુના કુલ પાંચ બનાવ નોંધાતા ચકચાર મચી જવા પામ્યો છે. જેમાં બે યુવકના વીજશોક લાગતા જ્યારે ૬૨ વર્ષીય વૃદ્ધ મહિલાએ ઝેરી દવા ગટગટાવતા તેમનું મોત નીપજ્યું હતું. હાલ અલગ અલગ પોલીસ મથકમાં અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરાઈ છે.

અપમૃત્યુના પ્રથમ બનાવમાં હળવદના કોયબા ગામની સીમમાં જંગલ વિસ્તારમાં ૨૨ વર્ષીય જેસીંગભાઈ ઉર્ફે જયેશભાઈ વિનોદભાઈ ઉપહારીયા ઉવ.૨૨ રહે-શક્તિનગર (સુખપર) તા.-હળવદવાળાએ કોઈ કારણોસર કોઈ અગાઉ કારણોસર પોતે પોતાની જાતે ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મૃતકની ડેડબોડી હળવદ સરકારી હોસ્પિટલ લાવતા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

બીજા બનાવની પ્રાપ્ત માહિતી મુજબ મોરબી તાલુકાના જેતપર(મચ્છુ) ગામે રહેતા રતનબેન વાઓફ લાભુભાઈ અઘારા ઉવ.૬૨ ગઈ તા-૧૯/૦૮ના સાંજે ૮ વાગ્યા પહેલા કોઈપણ વખતે પોતાના ઘરે ઝેરી દવા પી જતા સારવાર માટે મોરબી મંગલમ હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યા હોય જ્યાં સારવાર દરમ્યાન રાતનબેનનું મૃત્યુ નિપજતા પોલીસે અ.મોતની નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

જ્યારે ત્રીજા બનાવમાં મોરબી તાલુકા ગીડજ ગામે રહેતા અજયભાઈ વિનુભાઈ જોગરાજીયા ઉવ.૨૪ને ગીડજ ગામની સીમમાં આવેલ દયારામભાઈની વાડીમાં ગઈકાલ તા.૨૦/૦૮ ના રોજ વિજશોક લાગતા મરણ જતા તેની ડેડબોડી મોરબી સરકારી હોસ્પીટલ મોરબી ખાતે લાવતા ફરજ પરના ડોક્ટરે મરણ ગયેલાની જાહેરાત કરતા તાલુકા પોલીસે અ.મોત રજી. કરી ઈન્કવેસ્ટ પંચનામાં સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

અપમૃત્યુના ચોથા બનાવની પ્રાપ્ત માહિતી મુજબ મોરબીના સામાકાંઠા વિસ્તારમાં સર્કિટ હાઉસ પાસે આવેલ કાર સ્પા સર્વિસ સેન્ટરમાં ઈલેક્ટ્રીક શોટ લાગતા વીસીપરામાં રહેતા ૨૮ વર્ષીય અજયભાઈ પ્રેમજીભાઈ ગુગડીયાનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. આથી અજયભાઈની લાશને મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડતા ડોક્ટરે લાશનું પીએમ સહિતની કામગીરી હાથ ધરવા પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. હાલ પોલીસે અકાળે મોતની ઘટના બાબતે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

જ્યારે પાંચમા બનાવની મળતી માહિતી મુજબ મોરબી તાલુકાના લાલપર ગામે આવેલ સીરામીક



સીટીમાં રહેતા વિરેન્દ્ર કુમાર ચંદ્રકિરણભાઈ ઉવ.૩૨એ ગઈકાલ તા. ૨૦/૦૮ના રોજ પોતાના ઘરે કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું ત્યારે તેમની લાશ રવીન્દ્રભાઈ મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પર હાજર ડોક્ટરે મૃત્યુના બનાવ અંગે પોલીસમાં જાણ કરતા પોલીસે મૃત્યુના બનાવ મામલે અ. મોત રજી. કરી આપઘાત કરવા પાછળના કારણો જાણવા અલગ અલગ દિશામાં તપાસ ચલાવી છે.

## કિશોરીએ લગ્ન પહેલા સાસરીમાં જવાની જીદ કરતા પિતાએ ૧૮૧ અભયમની મદદ લીધી

### ૧૮૧ અભયમ ટીમ દ્વારા કિશોરીનું કાઉન્સિલિંગ કરી પુખ્ત વયે લગ્ન કરવાની સમજણ અપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન નંબર કાર્યરત છે. આ સુવિધા થકી અનેક મહિલાઓને સરકાર મદદરૂપ થાય છે. ત્યારે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં એક પિતાએ જાણ કરી હતી કે, તેમની ૧૫ વર્ષની દીકરી, તેમની જ જ્ઞાતિના એક યુવાન સાથે રિલેશનમાં હતી. જેની જાણ થતા સગપણ નક્કી કર્યું હતું. જલ આપ્યું હતું. દીકરીને સમજાવી હતી કે, ઉંમર લાયક થયે તારા લગ્ન કરાવી આપીશું. જલ દીધા બાદ અવાર નવાર સાસરે જતી હતી. ગઈકાલે તે કહ્યા વગર સાસરે જતી રહી હતી. ફોન કરતા પાછા આવવાની ના પાડી દીધી હતી. ફરી આજે કપડાં લેવા ઘરે આવી તો તેને પાછી સાસરે જવાની ના પાડી છતાં જતી રહી છે. કોલ આવતા જ ગોંડલ ૧૮૧ ટીમના કાઉન્સિલર મનીષા પરમાર, એએસઆઈ પરવાનાબેન, પાયલોટ વગેરે સગીરાના ઘરે પહોંચેલ. પિતાની વાત સાંભળી સગીરાના સાસરે ગયેલ. ત્યાં સગીરાનું કાઉન્સિલિંગ કરતા તેને જણાવેલ કે, મારા માતા હયાત નથી. પિતાએ મારપીટ કરી હતી અને જતી રહે એમ જ કહેતા હતા. ત્યારબાદ સાસરિયાના સભ્યોને સમજાવેલ કે, દીકરી માત્ર ૧૫ વર્ષની છે. તેને કાયદાકીય રીતે તમે રાખી ન શકો.

સગીરાને પણ સમજાવેલ કે, ૧૮ વર્ષ પુરા થયે લગ્ન કરી આપશે. આમ બંને પક્ષે લીગલ એડવાઈઝ આપી કાઉન્સિલિંગ કર્યું હતું. ત્યારબાદ દીકરીને તેમના પિતાને સોંપેલ હતી. પિતાએ ૧૮૧ ટીમનો આભાર માન્યો હતો.

## SC, ST વર્ગમા અનામતના કાયદા અંગે સુપ્રિમના ચુકાદા સામે રાષ્ટ્રપતિને આવેદન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારત દેશ એ બિનસાંપ્રદાયિક દેશ છે. ભારતીય બંધારણ દ્વારા તમામ ધર્મ, જાતિ, સંપ્રદાયના લોકોને પોતાના બંધારણીય અધિકારો સાથે ગૌરવ પૂર્ણ જીવન જીવવા માટે છૂટ આપવામાં આવેલ છે. તાજેતરમાં મા. સર્વોચ્ચ અદાલત દ્વારા તા. ૧/૮/૨૦૨૪ ના રોજ પંજાબ સરકાર/ રાજ્ય સરકારના સંદર્ભમાં આવેલ ચુકાદામાં રાજ્યોને જઈ, જઝ કેટેગરીના અનામતના લાભોમાં રાજ્ય સરકારને વર્ગીકરણની અનુમતિ આપતો ચૂકાદો આવેલ છે. આ ચુકાદાથી જઈ, જઝ કેટેગરીની જાતિઓમાં આર્થિક માપદંડ દાખલ કરી તેમની કેટેગરી બનાવવા અને તે પ્રમાણે / આર્થિક ધોરણે અનામત લાગુ કરવા રાજ્યોને જે પાવર આપવામાં આવ્યા છે તે બંધારણીય બેંચ દ્વારા જઈ, જઝ કેટેગરીને મળતી અનામતના માપદંડમાં ફેરફાર કરવા સમાવ છે. આ ચુકાદાના કારેણ જઈ જાતિઓ કે જેની સાથે સમાન પ્રમાણે આભડછેડની પ્રેકટીલ થાય છે તેવી જાતિઓના સમુહને અનામતના માધ્યમથી તેના હક્કો-પ્રતિનિધિત્વ જાળવવાની બંધારણીય પ્રતિબધ્ધતા સામે સવાલો ઉભા થઈ શકે છે. અનુસુચિત જાતિ અને જનજાતિ એ સમાન પણે ભેદભાવનો સામનો કરતી જાતિઓનો વર્ગ/કેટેગરી છે. જેમાં તે વર્ગના પ્રતિનિધિત્વ માટે સંવૈધાનિક જોગવાઈ છે. દેશની હરએક જાતિ માટે જોગવાઈ નથી અને ૬૭૪૩ જાતિઓ ધરાવતા દેશમાં દરેક જાતિ માટે અલગ વ્યવસ્થા કરવી. પણ શક્ય નથી. આ વર્ગ/કેટેગરીમાં જાતિઓના સ્વીકાર અસ્વીકારની સત્તા બંધારણીય રીતે આર્ટિકલ ૩૪૧ મુજબ મહામહિમ રાષ્ટ્રપતિ છે તેમ છતાં સુપ્રિમકોર્ટ દ્વારા આ કેટેગરીમાં વર્ગીકરણના અને અનામત વ્યવસ્થાના વિભાજનની તરફેણ કરતો ચૂકાદો આપી સુપ્રિમ કોર્ટે પોતાની સત્તા વગરનો નિર્ણય કરેલો છે. જે દેશની અનુસુચિત જાતિઓ તથા જનજાતિઓ માટે વિભાજનકારી તથા ઘાતક પુરવાર થઈ શકે તેમ હોય. અમે આ ચુકાદાને નિરસ્ત કરતી સંવૈધાનિક પ્રણાલીને અનુસરી ઘટતુ કરવા આપ સમક્ષ નમ્ર અરજ કરીએ છીએ.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

૧) SC, ST અનામત કેટેગરી ક્ષેત્રમાં ઉપકોટા કરવા રાજ્યોને સત્તા આપતો તા.૧/૮/૨૦૨૪ નો સુપ્રિમકોર્ટની સાત જજોની બેંચનો ચૂકાદો નિરસ્ત કરવામાં આવે અને અગાઉની પાંચ જજોની બેંચના આ બાબતના ચૂકાદાને બહાલ કરવામાં આવે.
૨) SC, ST કેટેગરીમાં અનામતનો લાભ મેળવવા અસમર્થ રહેલી જાતિઓ કે જે ગરીબ રહી ગઈ છે તેને અલગથી ઊઠજ જેવી સગવડ જનરલ કોટામાંથી આપવામાં આવે કારણ કે દેશના ગરીબ નાગરીકોના ઉત્થાન માટે ઊઠજ કોટા દાખલ કરવામાં આવ્યો છે. આ ઊઠજ કોટાની જોગવાઈ બંધારણમાં સુધારો લાવી સંસદમાં પસાર કરવામાં આવે.
૩) SC, ST બંધારણીય અનામત જોગવાઈ પપ્રતિનિધિત્વથ જે બંધારણની ૯ મી અનુસૂચિમાં દાખલ કરવામાં આવે જેથી તેમાં રાજકીય રાગ–દ્વેશ રાજકીય લાભ આપવા કોઈ સતાધારી બહુમત પક્ષો છેડછાડ ન કરી શકે.
૪) SC, ST કેટેગરીની ગરીબ જ્ઞાતિઓ માટે સ્પેશ્યલ ફંડની અલાયદી વ્યવસ્થા કરી તેમના ઉત્થાન માટે બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવે.
૫) SC, ST ક્યોનન્ટ પ્લાનને કાનુની સ્વરૂપ આપવામાં આવે.
૬) રિઝર્વેશન એકટ બનાવવામાં આવે.
૭) રિઝર્વેશન ઈન પ્રમોશનનો કાયદો બનાવી તેની અમલવારીનું માળખુ તૈયાર કરવામાં આવે.

## જામનગરમાં ભારત બંધની અસર જોવા મળી



જામનગરમાં ભારત બંધની અસર જોવા મળી.એસ સી ,એસટી અનામત મુદ્દે લાલ બંગલા પાસે દુકાનો બંધ કરવામાં આવી.દલિત સમાજના આગેવાનોએ રેલી યોજી કર્યો વિરોધ જામનગર શહેરમાં વિવિધ જગ્યાએ દુકાનો બંધ કરવામાં આવી વેપારી એસો દ્વારા પણ બંધને સમર્થન આપવામાં આવ્યું.જઈ–જઝ અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે ૧૪ કલાકના ભારત બંધનું એલાન કરવામાં આવ્યું છે.નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન (ગઅઈઉઅઘછ)ના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે.બંધની સૌથી વધુ અસર બિહારમાં જોવા મળી રહી છે.

## નંદ ઘેર આનંદ ભયો : કાલથી જન્માષ્ટમીની પર્વની ઉજવણીનો પ્રારંભ : ભાતીગળ મેળાના આયોજનો

### આવતીકાલે ગામડાઓમાં ઉજવાશે બોળચોથ : શુક્રવારે નાગ પાંચમ, શનિવારે રાંધણ છઠ્ઠ, રવિવારે શીતળા સાતમની ઉજવણી : લોકોમાં ભારે ઉત્સાહ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આવતીકાલ બોળ ચોથની જન્માષ્ટમી પર્વની ઉજવણીનો પ્રારંભ થશે. આ વખતે છઠ તિથિનો ક્ષય હોવાથી આવતીકાલે બોળ ચોથ મનાવવામાં આવશે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છમાં જન્માષ્ટમીના તહેવારોની ઉજવણીનો આનંદ જોવા મળી રહ્યો છે.

સૌરાષ્ટ્રભરમાં જન્માષ્ટમી નિમિત્તે લોકમેળાના આયોજનો થયા છે. રજાઓનો માહોલ અત્યારથી જ જોવા મળી રહ્યો છે. અનેક લોકોએ પર્યટન સ્થળે પહોંચીને રજાઓ માણશે. સૌરાષ્ટ્રના વિવિધ પ્રસિધ્ધ મંદિરોમાં ભકતોની ભીડ જોવા મળશે. જન્માષ્ટમી નિમિત્તે શહેરોમાં સુશોભનો તથા રોશનીના શણગાર કરવામાં આવી રહ્યા છે.

આવતીકાલે બોળ ચોથના ગૌમાતાનું પૂજન કરાશે. આ દિવસ ખાસ કરીને ગામડાઓમાં ઉજવાય છે. ગામડામાં ગાય માતાને વચ્ચે રાખીને મહિલાઓ પૂજન અને પ્રદક્ષિણા કરે છે. બોળ ચોથને બહુલા દિવસ પણ કહેવાય છે.

તા.૨૩મીના શુક્રવારે નાગ પાંચમનું પર્વ ઉજવાશે. લોકો નાગ દાદાની પૂજા કરશે તા.૨૪મીના રાંધણ છઠ છે. લોકો શીતળા સાતમના ટાઢુ ખાશે અને રસોડામાં અગ્નિ પેટાવશે નહિ. તા. ૨૫મીના રવિવારે લોકો શીતળા સાતમ ઉજવશે. લોકો આ દિવસે ટાઢુ આરોગશે. શીતળા માતાના દર્શન વંદન કરીને વ્રત રાખશે.

તા.૨૬મીના જન્માષ્ટમી પર્વ ઉજવાશે. જન્માષ્ટમી પર્વ સમગ્ર ભારતમાં ઉજવાશે મથુરા, વૃંદાવનમાં જન્માષ્ટમી પર્વની અનેરી ભકિત સાથે ઉજવણી થશે. હજારો લોકો તેમાં જોડાશે. વિષ્ણુના આઠમા અવતાર શ્રી કૃષ્ણના જન્મ દિવસ તરીકે ઉજવાશે.

નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કીથનો ગગનભેદી નાદ શેરી–ગલ્લીઓમાં ગુંજી ઉઠશે. ઠેર ઠેર જન્માષ્ટમીની શોભાયાત્રાના આયોજનો થયા છે. સૌરાષ્ટ્રમાં ૪૫થી વધારે લોકમેળાના આયોજનો થયા છે.

જન્માષ્ટમીનો તહેવાર કૃષ્ણ જન્મોત્સવ તરીકે ઉજવાય છે. આ તહેવાર રક્ષાબંધનના આઠમા દિવસે આવે છે. લોકો ઘરમાં પણ શ્રી કૃષ્ણના ગોકુળિયું સજાવે છે અને લોકો ઉપવાસ કરે છે. અને જુદી જુદી વાનગીઓનો ભોગ કે ૫૬ ભોગ લગાવે છે. દ્વારકા અને મથુરામાં આ તહેવારની ભવ્ય ઉજવણી થાય છે. લોકો કૃષ્ણભકિતમાં ડૂબી જાય છે. હવેલીઓમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી અનેરા ઉમંગ અને આનંદ સાથે થાય છે.



## લોકમેળામાં સૌરાષ્ટ્ર- કચ્છ પ્રદેશનું ધબકે છે લોકજીવન...

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર – કચ્છની પ્રજાની ઉત્સવ પ્રિયતાનો અંદાજ આ પ્રદેશમાં યોજાતા ઉત્સવો, લોકમેળા (મોટા ભાગે શ્રાવણ –ભાદરવામાં યોજાતા) દ્વારા બાંધી શકાય છે. જો કે હવે નાના– મોટા શહેરોમાં ખાનગી મેળાઓ પણ મોટા પ્રમાણમાં યોજાય છે. લોકમેળાની પાછળ ધાર્મિક, સાંસ્કૃતિક મનોરંજનના પરિબળો કામ કરે છે. સૌરાષ્ટ્રમાં કેટલાંક પ્રખ્યાત મેળાઓમાં હૈયે હૈયુ દળાય તેટલા માનવ મહેરામણ ઉમટી પડે છે. તેવા લોકમેળાઓની વાત પ્રસ્તુત છે...

રાજકોટમાં ૧૯૮૩માં પહેલા શાસ્ત્રી મેદાનમાં અને હવે રેસકોર્ષ મેદાનમાં વહિવટી તંત્રની લોકમેળા સમિતિ દ્વારા શ્રાવણ માસમાં લોકમેળો યોજાય છે. આ લોક મેળા થકી રાઈડસ(ફઝર ફાળકા), ખાણીપીણી વાળા નાના–મોટા ધંધાર્થીઓને રોજગારી મળી રહે છે. આ લોકમેળાની આવક લોક કલ્યાણના કામો માટે વાપરવામાં આવે છે. સૌરાષ્ટ્રભરમાંથી લાખો લોકો લોકમેળો માણવા ઉમટી પડે છે. મેળા દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. તો રાજકોટથી ૧૦ કિમી દૂર માધાપર પાસે ઈશ્વરિયા મહાદેવ મંદિરે પણ શ્રાવણ માસમાં મેળો ભરાય છે. આ મંદિર પ્રકૃતિ અને ધર્મનું અનેરા સંગમ સમું સ્થાન છે. રાજકોટથી ૬૦ કિમિ દૂર જડેશ્વર મહાદેવ અને ૭૬ કિમિ દૂર ઘેલા સોમનાથ મંદિરે પણ શ્રાવણી મેળાની મજા લૂંટવા માણસો ઉમટી પડે છે.ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ મંદિરે દર વર્ષે યોજાતા મહા શિવરાત્રિનો મેળો જૂનાગઢની આગવી ઓળખ સમો છે. ભજન–ભોજન સાથે મહાશિવરાત્રીની રાત્રે નીકળતી દિગંબર સાધુઓની રવેડીના દર્શનાર્થે લોકોના ધાડેધાડા ઉમટી પડે છે. લોકવાયકા મુજબ આ રવેડીમાં ખુદ ભગવાન ભોળાનાથ પધારે છે. દેશ–વિદેશમાંથી બહોળી સંખ્યામાં લોકો શિવરાત્રીનો લોકમેળો માણવા આવતાં હોય છે. દર વર્ષે કાર્તિક સુદ ૧૧ થી પૂનમ સુધી ગિરનારની ૧૬ ગાઉની પ્રદક્ષિણા યાત્રાનું આયોજન થાય છે. જેમાં શ્રધ્ધાળુઓ હોંશભેર જોડાય છે. જૂનાગઢથી ૪૦ કિમિ દૂર આવેલ ભેંસાણ તાલુકાના પરબધામ (વાવડી–પરબવાવડી)માં રકતપિતના દર્દીઓની સેવા કરી ચૂકેલા સંતશ્રી દેવીદાસનું સમાધીસ્થાન છે. દર વર્ષે અષાઢી બીજ નિમિતે અહીં લોકમેળો ભરાય છે.

સુરેન્દ્રનગરથી ૯૫ કિમિ દૂર આવેલા પાંચાળ પંથકમાં તરણેતર ગામ નજીક આવેલા ત્રિનેત્રેશ્વર મંદિર લોકોની આસ્થાનું સ્થાનક છે. દ્રૌપદીનો સ્વયંવર આ જગ્યાએ રચાયો હતો. અર્જૂને પોતાની બાણ વિદ્યાની કુશળતાનો પરિચય આ સ્થળે જ આપ્યો હતો. અને દ્રૌપદીને મેળવી હતી. અહીંના કુંડમાં બ્રહ્માજીએ ભગવાન મહાદેવની ઉપાસના કરી હતી. તરણેત્તરના મેળામાં સૌરાષ્ટ્ર પ્રદેશનું લોકજીવન ધબકતું જણાઈ આવે છે. રંગબેરંગી પરંપરાગત પોશાકો પહેરીને મેળો મહાલતા યુવાનોને જોવો, એ અનેરો લ્હાવો છે. આ મેળો આદિવાસી યુવતીઓ માટે નમનનો માણિગરથને અને યુવકોને નમનગમતી માનુનીથ મેળવી લેવાનો અવસર પૂરો પાડે છે. હાલના બદલાયેલા સંજોગોમાં ગુજરાત સરકારે આ મેળાઓની અગત્ય સ્વીકારી છે. જગ મશહુર મેળામાં કામચલાઉ નિવાસ રૂપે તંબુઓ, રાવટીઓ તથા માટી – છાણની બનાવેલી ઝૂંપડીઓ તૈયાર કરાવે છે. જેમાં જરૂરી સગવડો પણ હોય છે. ગ્રામીણ ઓલિમ્પિક પણ તરણેતરના મેળામાં યોજાય છે.

જામનગરમાં બસ સ્ટેશનની પાસેના મેદાનમાં એક માસ સુધી મેળા યોજાય છે. જામનગરના ઈતિહાસમાં લડાયેલા યુધ્ધોમાં ભૂચર મોરીનું યુધ્ધ વિશેષ મહત્વ ધરાવે છે. આ યુધ્ધ કોઈ સત્તા લાલસા માટે નહીં, પરંતુ શરણાગત ધર્મની રક્ષા માટે લડાયુ હતું, જેમાં હાલારના કુંવર સહિત અનેક શૂરવીરોએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી.

**ખાસ લેખ – પારૂલ આડેસરા, સહાયક માહિતી નિયામક, રાજકોટ–મોરબી**

## જી.એસ.એફ.એ.ની ૪૬મી એ.જી.એમમાં અધ્યક્ષ પરિમલ નથવાણીએ શ્રેષ્ઠપ્રદર્શન કરનારા ડિસ્ટ્રિકટ એસોસિએશન તથા ખેલાડીઓને એવોર્ડ એનાયત કર્યા

### ગુજરાતમાં ફૂટબોલના સ્તરમાં નોંધપાત્ર સુધારો થયો છેઃ પરિમલ નથવાણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (જી.એસ.એફ.એ.) શ્રેષ્ઠ દેખાવ કરનારા જિલ્લા ફૂટબોલ એસોસિએશન અને ખેલાડીઓની વ્યક્તિગત સિદ્ધિઓને બિરદાવવા ૧૧ કેટેગરી માં એવોર્ડ આપવાની શરૂઆત કરી છે. આ એવોર્ડ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.) ની તર્જ પર શરૂ કરાયા છે અને જી.એસ.એફ.એ.ની અગાઉની વાર્ષિક સાધારણ સભા (એ.જી.એમ.) માં પણ આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

જી.એસ.એફ.એ.ના આ એવોર્ડ્સ ખેલાડીઓ, રેફરીઝ અને ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન નું મનોબળ વધારશે અને તેના પગલે રાજ્યમાં ફૂટબોલની સ્તર અને રમત ને વધુ લોકપ્રિય બનાવવામાં મદદ મળશે તેમજ એસ.એફ.એ.ના અધ્યક્ષ, રાજ્યસભાના સાંસદ અને આર.આઈ.એલ.ના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ), શ્રી પરિમલભાઈ નથવાણીએ જણાવ્યું હતું. તેઓ આજે અમદાવાદ ખાતે જી.એસ.એફ.એ.ની ૪૬મી એજીએમને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, ગત એક વર્ષ ભારતીય ફૂટબોલમાં ગુજરાતને ગણનાપાત્ર તાકાત બનાવવાની અમારી પરિકલ્પનાને સાકાર કરવા, અમારા સામૂહિક પ્રયાસોનું સાક્ષી રહ્યું છે. મને એ વાતનો આનંદ છે કે રિલાયન્સ, અદાણી, ઝાયડસ, ટોરેન્ટ વગેરે સહિત, રાજ્યના અગ્રણી કોર્પોરેટ ગૃહો ગુજરાત ફૂટબોલને આગળ વધારવામાં યોગદાન આપી રહ્યા છે. આ અંતર્ગત અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનને સૌથી વધુ ખેલાડીઓની નોંધણી બદલ એવોર્ડ અપાયો હતો, ઈન્ટર–ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટના આયોજન માટે બેસ્ટ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ રાજકોટને ફાળે ગયો હતો અને બેસ્ટ સપોર્ટિવ ડિસ્ટ્રિક્ટ એવોર્ડ ભરૂચને એનાયો કરાયો હતો. જ્યારે બેસ્ટ પરફોર્મિંગ એક્ટિવ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ ભાવનગર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન ને મળ્યો હતો. એ.આર.એ. ફૂટબોલ ક્લબ અને બરોડા ફૂટબોલ એકેડમીને જી.એસ.એફ.એ.ની છત્રછાયા હેઠળ બેસ્ટ પરફોર્મિંગ ફૂટબોલ ક્લબ્સ તરીકે સંયુક્ત વિજેતા ઘોષિત કરાયા હતા.



## રાજકોટ ડિવિઝનના આરપીએફ સ્ટાફની સૂઝબૂઝ ના લીધે ગુમ થયેલ સગીર છોકરાને તેના પરિવારજનોને સોંપવામાં આવ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ડિવિઝન ના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ સ્ટાફની સૂઝબૂઝ ના લીધે, ગુમ થયેલ સગીર છોકરાને તેના પરિવારના સભ્યોને સોંપવામાં આવ્યો છે. તાજેતરમાં, ૧૯.૦૮.૨૦૨૪ ના રોજ, મોરબીમાં ફરજ બજાવતા આરપીએફ ના સહાયક સબ ઈન્સ્પેક્ટર નરેશ કુમાર ચૌહાણને સવારે ૧૦.૩૦ વાગ્યે સ્ટેશનના સર્ક્યુલેટિંગ એરિયા માં એક ૧૪ વર્ષનો છોકરો વ્યથિત અને શાંત હાલતમાં એકલો જોયો હતો. તેણે સમજદારી વાપરી અને તેની સાથે વાત કરી. કાઉન્સેલિંગ દરમિયાન છોકરાએ જણાવ્યું કે તે લગભગ ૧૫ દિવસ પહેલા બિહારના મુઝફ્ફરપુરથી મોરબીમાં તેના મામાના ઘરે આવ્યો હતો. છોકરાના મામાને આરપીએફ દ્વારા પોસ્ટ પર બોલાવવામાં આવ્યા હતા જેમણે માહિતી આપી હતી કે જ્યારે તેણે તેના ભત્રીજાને બીડી પીતા જોયો ત્યારે તેણે ઠપકો આપ્યો અને સમજાવ્યું હતું.



છોકરો કોઈને જાણ કર્યા વગર મોરબી સ્ટેશને આવી ગયો હતો. આરપીએફ સ્ટાફે છોકરાના માતા–પિતા અને ચાઈલ્ડ હેલ્પલાઈન ડેસ્કની ટીમને આ ઘટના અંગે જાણ કરી હતી. યોગ્ય ચકાસણી અને કાનૂની ઔપચારિક્તાઓ પૂર્ણ કર્યા પછી, આ છોકરાને આરપીએફ દ્વારા તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો. છોકરાના પરિવારે આરપીએફ સ્ટાફના સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ રીતે પોતાની સતર્કતા, સજગતા અને કર્તવ્યનિષ્ઠા થી એક સગીર છોકરાને તેના વિમુખ પરિવાર સાથે પુનઃમિલન કરાવનાર આરપીએફ સ્ટાફની રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વનીકુમાર અને ડિવિઝનલ સિક્યોરિટી કમિશનર કમલેશ્વર સિંઘ દ્વારા પ્રશંસા કરવામાં આવી છે.

## રાજકોટની સિવિલ હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં જ તબીબનું હાર્ટફેઈલ થઈ જતા મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ફરજ બજાવતા તબીબનું હૃદયરોગના હુમલાથી મોત નીપવતાં પરિવાર તથા ડોકટરોમાં કલ્પાંક છવાયો છે.

આ અંગેની માહિતિ મુજબ બીલેશ્વર રાજગઢમાં રહેતા અને રાજકોટ સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટરમાં ફરજ બજાવતા દિલીપભાઈ જેરામભાઈ જાડા ઉ.વ.૩૯ નામના તબીબ ગત.તા.૨૦ના સવારે ૯:૩૦ ઓપરેશન થીયેટરમાં હતા.ત્યારે હૃદયરોગનો હુમલો આવતાં બેભાન હાલતમાં તાત્કાલિક આઈસીયુ વોર્ડમાં સારવાર માટે ખસેડાયા હતા.જ્યાં રાત્રીના ચાલુ સારવાર દરમ્યાન ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા.આ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરતાં પીએસઆઈ પઢિયાર, રાઈટર પ્રશાંતભાઈ ચુડાસમા સહિતના દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.મૃત તબીબ ત્રણ ભાઈમાં મોટા હતા.અને સંતાનમાં બે પુત્રી–એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.તબીબના મોતથી તબીબી આલમમાં શોક વ્યાપી ગયો છે.



## પોરબંદરમાં યુવતિએ પ્રેમી સાથે મળી ઘરમાં કર્યો રૂા.૧.૭૦ લાખનો હાથફેરોઃ ધરપકડ

**મુખ્ય સમાચાર,પોરબંદર**

પોરબંદરના લક્ષ્મીનગર વિસ્તાર માં રહેણાંક મકાન માંથીરોકડ અને દાગીનાની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાયા બાદ ગણતરીની કલાકોમાં એલસીબીએ ભેદ ઉકેલી ફરીયાદીની પુત્રી અને તેના પ્રેમીની ધરપકડ કરી ચોરીનો મુદામાલ કબ્જે કર્યો છે.

પોરબંદરના લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા પારૂલબેન રાકેશભાઈ જાદવે ફરિયાદ નોંધાવી જણાવ્યું હતુ કે તેઓ ૨૨ વર્ષીય પુત્રી પલક તથા પુત્ર વિશ્વ સાથે તેના માતાના માલિકીના મકાનમાં ઉપરના માળે રહે છે .તા.૧૮ ના સાંજે ૪ વાગ્યે ગામમા ગયા હતા અને રાત્રે સાડાદસ વાગ્યે પરત આવ્યા ત્યારે રૂમમાં માલસામાન વેરવિખેર હતો આથી પોલીસને જાણ કરતા પોલીસે આવીને તપાસ કરતા પારૂલબેનના માતાએ કબાટના અંદરના ખાનામાં રાખેલ ૯૦૦૦ની રોકડ ઉપરાંત ૫ તોલાની સોનાની ચાર બંગડી, પૈસાની જરૂર હોવાથી ચોરીનો પ્લાન બનાવ્યો

પોલીસની પુછપરછમા તેણે પોતાનુ નામ ઉદય દીલીપભાઈ જેઠવા હોવાનું અને પોતે છાંયા ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતો હોવાનું જણાવ્યું હતું. વધુમા જણાવ્યું હતું કે પોતાને પૈસાની જરૂર હોવાથી પોતાની પ્રેમીકા એટલે કે ફરીયાદી પારૂલબેનની પુત્રી પલક સાથે મળી પ્લાન કરી પ્રેમીકાના ઘરમાં જ ચોરી કરવાનું નક્કી કર્યુ હતુ અને ઘરે કોઈ હાજર ન હોય તે દરમિયાન પ્રેમીકા સાથે પ્રેમીકાના ઘરે જઈ ચોરી કરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે રોકડ અને દાગીના કબ્જે કરી ઉદય ની વધુ પુછપરછ હાથ ધરી છે.

૨ તોલાનો સોનાનો ચેન, ૧ તોલાની સોનાની બે વીંટી, ૧૫ ગ્રામ ચાંદીની લગડી મળી કુલ ૧ લાખ ૭૦ હજારની ચોરી થઈ હતી. તેઓએ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

દરમિયાન એલસીબીના ઈન્ચાર્જ પી આઈ આર કે કાંબરીયાને બાતમી મળી હતી કે એક શખસ આ ઘરફોડ ચોરીમાં ગયેલ મુદામાલ વેચવા માટે જઈ રહ્યો છે જેથી પોલીસે વોચ ગોઠવી તેની પુછપરછ કરતા તેના ખિસ્સામાથી ચોરીમાં ગયેલ મુદામાલ મળી આવ્યો હતો.



MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં કોલેજિયન યુવતિને શખ્સે પ્રેમજાળમાં ફસાવી નગ્ન વિડિયો બનાવી પાંચ લાખ માગ્યા

## નરાધમ સાથે સંબંધ તોડી નાખતા તેને ગર્લફ્રેન્ડ સાથે મળીને યુવતીને બ્લેકમેઈલ કરીઃ મહિલા પોલીસે બન્ને સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં કોલેજિયન યુવતીને એક શખસે પ્રેમજાળમાં ફસાવી તેને લગ્ન કરવાના વાયદાઓ આપી તેને હોટલમાં લઈ ગયો હતો અને તેના પર દુષ્કર્મ ગુજારી તેનો ન્યૂડ વીડિયો પણ બનાવી લીધો હતો. બાદમાં યુવતીએ સંબંધ તોડી નાખતા આ શખસે તેની ગર્લફ્રેન્ડ સાથે મળીને યુવતીને બ્લેકમેઈલ કરી તેની પાસે પાંચ લાખની માગણી કરતા યુવતીએ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ હાલ રાજકોટમાં રહીને ડી.એચ. કોલેજમાં અભ્યાસ કરતી અને પાર્ટ ટાઈમ ટ્યૂશન ચલાવતી ૨૦ વર્ષિય યુવતીએ પોતાની ફરિયાદમાં આરોપીમાં તુષાર વજાણી અને તેની ગર્લફ્રેન્ડ કોમલ દાકડાનું નામ આપતા જણાવ્યું હતું કે, તેણી આજથી

ત્રણ મહિના પહેલાં આજી ડેમ પાસે આવેલી રોયલ રાજ હોટલે તેના મિત્રની બર્થ-ડે પાર્ટી માં ગઈ હતી. જ્યારે આરોપી દુષાર પણ ત્યાં આવ્યો હતો અને યુવતીની જાણ બહાર તેનો મોબાઈલ નંબર લઈ પોતાનું નામ લક્કી જણાવ્યું હતું અને થોડા સમય બાદ આરોપી તુષારે યુવતીને વોટ્સએપમાં મેસેજો કરતા યુવતીએ તેને બ્લોક કરી દીધો હતો.

ત્યારબાદ યુવતી જ્યાં ટ્યૂશન ક્લાસીસ કરાવવા માટે જતી હતી ત્યારે ત્યારે આરોપી તેનો પીછો કરતો હતો અને યુવતીને મળીને પોતે તેને લાઈક કરે છે તેવું કહ્યું હતું. પરંતુ યુવતીએ આરોપીને તેના પર વિશ્વાસ નથી તેવો જવાબ આપ્યો હતો. જેથી આરોપીએ પોતાનું નામ લક્કી નહીં પરંતુ સાચું તુષાર વજાણી છે તેમ જણાવી આધારકાર્ડ બતાવ્યું હતું. ત્યારબાદ સમય જતાં તુષારે તેને વોટ્સએપમાં મેસેજ કરી વાત શરૂ કરી દીધી હતી અને પોતે તેણી સાથે લગ્ન કરશે તેવા વાયદાઓ આપ્યા હતા.

બાદમાં બન્ને ફુલછાબ ચોક નજીક આવેલી પર્લ પેલેસમાં મળ્યા હતા અને ત્યાં બે દિવસ માટે રોકાયા હતા અને આરોપી તુષારે યુવતી પર બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું જે યુવતીને પસંદ ન આવતાં તુષાર સાથે તેણે સંબંધ ઓછો કરી નાખ્યો હતો.

યુવતીને એક દિવસ અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોટ્સએપમાં



ગાળો લખી તેની સાથે એક વીડિયો આવ્યો હતો જે તેણે ખોલતા તે વીડિયોમાં તેણી નગ્ન જોવા મળી હતી. બાદમાં આ વીડિયોનું રેકોર્ડિંગ પોતે કરીને આ સમગ્ર વાત તેની બહેનપણીને કરી હતી. ત્યારબાદ યુવતીને તુષાર વજાણીની ગર્લફ્રેન્ડ કોમલ દાફડાએ વોટ્સએપમાં ફોન કર્યો હતો અને આ વીડિયો વાયરલ કરી નાખવાની તેમજ યુવતીના ભાઈને મોકલવાની ધમકીઓ આપી પાંચ લાખની માંગણી કરી યુવતીને બ્લેકમેઈલ કરી હતી જેથી યુવતીએ આ મામલે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને બંટી-બબલી સામે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ એમ.એસ. ત્રિવેદીને સોંપવામાં આવી છે.

# મનપાના પૂર્વ ડે. ફાયર ઓફિસર ઠેબાએ ભ્રષ્ટાચારના કેસમાં જેલ મુક્ત થવા જામીન અરજી કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ચકચાર્ય અગ્નિકાંડના પ્રકરણમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી ફાયર ઓફિસર ઠેબા ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યો હતો ઠેબા વિરુદ્ધ અપ્રમાણસર મિલકતનો કેસ નોંધવામાં આવ્યો હતો. જે કેસમાં જેલમાં રહેલ ડેપ્યુટી ફાયર ઓફિસર ઠેબાએ જેલ મુક્ત થવા જામીન અરજી કરી છે. તેણે પોતાના વકીલ મારફત સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા તહેવારો બાદ સુનાવણી હાથ ધરાય તેવી સંભાવના છે. આ કેસની હકીકત મુજબ અગ્નિકાંડ બાદ રાજકોટ મનપાના ફાયર વિભાગના ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખાભાઈ જીવાભાઈ ઠેબા વિરુદ્ધ એસીબીએ અપ્રમાણસર મિલકત અંગેની ફરિયાદ નોંધી હતી. તેણે પોતાની સર્વિસના વર્ષ ૨૦૧૨થી ૨૦૨૪ દરમિયાન પોતાની સરકારી આવક કરતા ૬૭.૨૭ ટકા વધુ મિલકતો વસાવી હોવાનું એસીબીની તપાસમાં સામે આવ્યું હતું. જેના પગલે એસીબીએ ઠેબા વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉદોખનીય છેકે, ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકોના મૃત્યુ નિપજ્યા હતા. આ બનાવ પાછળ સંડોવાયેલા રાજકોટના સરકારી અધિકારીઓ, કર્મચારીઓ વિદ્ધ એસબીએ તપાસનો દૌર શરુ કર્યો હતો.

શરૂઆતમાં એસીબીએ ફાયર તેમજ રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ તથા ફાયર વિભાગના અધિકારીઓના ઘર તથા કચેરીમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં ડેપ્યુટી ફાયર ઓફિસર બી.જે. ઠેબાની સમગ્ર અગ્નિકાંડમાં બેદરકારી હોવાનું ધ્યાને આવ્યું હતું. ત્યારબાદ એસીબીએ વધુ તપાસ હાથ ધરતા ડેપ્યુટી ફાયર ઓફિસર ઠેબા પાસેથી રૂ.૭૯.૯૪ લાખની અપ્રમાણસર મિલકત હોવાના તમામ પુરાવાઓ મળી આવ્યા હતા. જેના આધારે એસીબીએ ઠેબા વિરુદ્ધ અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધ્યો હતો. તેની ધરપકડ કરી હતી. તેના તમામ બેંક એકાઉન્ટ અંગેની તપાસ ઊંડાણ પૂર્વક કરી હતી. રિમાન્ડ બાદ ઠેબાને જેલ હવાલે કરવામાં આવેલ. હવે તેણે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી છે.

# પંચનાથ પ્લોટમાં જૈન દેરાસરમાં પૂજા કરતાં યુવાન પર શખ્સનો ખુની હુલમો

## યુવક પત્ની સાથે દેરાસરમાં આવ્યો ત્યારે છરી સાથે ધસી આવેલા હિસ્ટ્રીશીટરે અગાઉ કરેલી પોલીસ ફરિયાદનો ખાર રાખી હુમલો કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાસ્ત્રીમેદાન પાસે પંચનાથ પ્લોટ શેરી નંબર-પમાં દિગંબર જૈન દેરાસરમાં દર્શન આવેલા દંપતિ મંદિરના પ્રાંગણમાં ઉભા હતા ત્યારે ધસી આવેલા હીસ્ટ્રીશીટરે છરીના આડેધડ ઘા ઝીંક્યા હતા.અને તેમનું આંતરડું કાઢી નાખતા તેઓને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.અને આ મામલે એ ડિવિઝન પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધી આરોપીની શોધખોળ કરી છે. આ અંગેની માહિતી મુજબ હરીધવા મેઈનરોડ પર અયોધ્યા સોસાયટી શેરી નં.પમાં રહેતા અમીતભાઈ પરસોતમભાઈ સગપરીયા (ઉ.૪૦)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં હિસ્ટ્રીશીટર ભાવેશ વિનોદ ગોલનું નામ આપતા જણાવ્યું હતું કે, ગઈકાલ સવારના સાતેક વાગ્યાની આસપાસ તેમના પત્ની રીનાબેન સાથે શાસ્ત્રીમેદાન પાસે પંચનાથ પ્લોટ શેરી નંબર-પમાં આવેલા દિગંબર જૈન મંદિરે પૂજા કરવા આવ્યા હતા. બાદમાં તેઓ પૂજા કરી મંદિરના પ્રાંગણમાં ઉભા લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખસેડાયોઃ એ ડિવિઝન પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધ્યો

હતા ત્યારે ધસી આવેલા ભાવેશ ગોલ નામના શખ્સે ઝઘડો કરી છરીના ચાર ઘા ઝીંકી દીધા હતા.અને તા.અને તેમનું આંતરડુ બહાર કાઢી નાખ્યું હતું. જેથી તેઓને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અને એ ડિવિઝન પોલીસને બનાવની જાણ થતાં તેઓ દોડી આવી આવ્યા હતા. આ મામલે ઈજાગ્રસ્ત અમીતભાઈ સગપરીયાએ જણાવ્યું



હતું કે, કોરોના પહેલા આરોપી ભાવેશ ગોલના મકાનમાં ભાડેથી રહેતા હતા ત્યારે બંને વચ્ચે કોઈ મામલે ડખ્ખો થયો હતો.ત્યારે આરોપીએ તેમની પત્ની રીના પર બે વખત હુમલો કર્યો હતો. જેની પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી.અને તે બાબતનો ખાર રાખી ફરી હુમલો કર્યો હતો. જ્યારે આ મામલે એ ડિવિઝન પોલીસ દ્વારા ભાવેશ વિનોદ ગોલ સામે હત્યાની કોશિશનો ગુનો નોંધી તેની શોધખોળ કરી છે.અગાઉ પણ ભાવેશ વિનોદ ગોલ સામે અનેક પોલીસ ફરિયાદો થઈ ચૂકી હોવાનું જાણવા મળ્યું છે.

# ATMમાં ચેડા કરી પૈસા ઉપાડી લેતો ભેજાબાજ ગઠયો ઝડપાયો

## રાજકોટ ઉપરાંત જામનગર, અમદાવાદ, સુ.નગર, નડિયાદ, ગાંધીધામ સહિતના સ્થળે કર્યો હાથફેરો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના નાગરિક બેન્ક ચોક પાસે શ્યામ કોમ્પલેક્સમાં આવેલી કેનેરા બેન્કની બ્રાન્ચના એટીએમમાં પકળાથ કરીને ૯,૦૦૦ રૂપિયા ઉપાડી લીધાની ફરિયાદ નોંધાતાં જ ભકિતનગર પોલીસ દ્વારા હરિયાણાના ગઠિયાને પકડી લેવામાં આવ્યો છે. પોલીસને ગઠિયાના કબજામાં ૩૩ એટીએમ કાર્ડ પણ મળ્યા છે જે તમામ હરિયાણા સહિતના રાજ્યના છે અને આ કાર્ડ ગઠિયાના પરિવારજનોના જ હોવાનું હાલ લાગી રહ્યું છે. ગઠિયાની ધરપકડ બાદ તેને ત્રણ દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યો છે. ભક્તિનગર પીઆઈ એમ.એમ.સરવૈયા, પીએસઆઈ એમ.એન.વસાવા સહિતના સ્ટાફે એટીએમમાં ચેડાં કરીને છેતરપિંડી આચરનારા અનિશ સફી મોહમ્મદ મવ (ઉ.વ.૩૧, રહે.નુહ- હરિયાણા)ને પકડયો છે. અનિશ પાસેથી ગુનામાં વપરાયેલા બે એટીએમ કાર્ડ ઉપરાંત અલગ-અલગ બેન્કના ૩૩ કાર્ડ, એટીએમ મશીનનું મોનીટર ખોલવા માટે ઉપયોગમાં લીધેલી બે ચાવી સહિતનો મુદ્દામાલ મળી આવ્યો છે. પ્રારંભિક તપાસ પ્રમાણે અનિશ દ્વારા જુદા જુદા બેન્ક ખાતા ભાડેથી રાખી તે ખાતાના એટીએમ કાર્ડ મેળવી લેવામાં આવતા હતા. આ પછી જે તે બેન્કના એટીએમમાં જઈ મશીનના મોનિટર ચાવીથી ખોલી પૈસા ઉપાડી લેતો હતો. આ પછી મોનીટરની સ્વિચ બંધ કરી ટ્રાન્ઝેક્શન એરર ઉભી કરી દેવાતી હતી. આ કળા કર્યા બાદ બેન્કના હેલ્પલાઈનમાં ફોન કરી તેણે જે એટીએમમાંથી પૈસા ઉપાડયા હોય ત્યાંથી તે એટીએમની વિગત આપી તેના ખાતામાંથી પૈસા કપાઈ ગયા



છે પરંતુ એટીએમમાંથી પૈસા મળ્યા નથી તેવી ફરિયાદ કરી બેન્ક પાસેથી રૂપિયા રિવર્સ કરાવી લેવામાં આવતા હતા. આરોપી અનિશ એટીએમમાંથી નવ કે સાડા નવ હજાર ઉપાડી ટ્રાન્જેકશન ડીકલાઈન કરાવી તેટલી રકમ પરત મેળવવા માટે બેન્કોના હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ કરતો હતો. આ પ્રકારે તેણે રાજકોટ ઉપરાંત જામનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, નડિયાદ, ગાંધીધામ સહિતના શહેરોમાં હાથફેરો કર્યો હોવાની કબૂલાત આપી હતી.

# સિવિલ હોસ્પિટલમાં કામના ભારણના કારણે તબિબિ અધિક્ષકે એડીશનલ સુપ્રિ.ની માંગ કરી

## ડો.મોનાલી માકડિયાએ રોજિંદા વહીવટી કામના લીધે વિભાગમાં ઓછો સમય અપાતો હોવાથી ગાંધીનગર પત્ર લખ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની સિવિલ હોસ્પિટલ અનેક વખત વિવાદોબન્સ વિભાગના વડા અને મેડિકલ કોલેજના અધિક ડીન ડો. મોનાલી માકડીયાએ ચાર્જ સોંપવામાં આવ્યો હતો. ત્યારે હવે તેમના દ્વારા વહીવટી કામના ભારણના હિસાબે હોસ્પિટલમાં એડિશનલ સુપ્રિટેન્ડેન્ટની માંગણી કરવામાં આવી છે.



રાજકોટ સિવિલ હોસ્પિટલના અવારનવાર સામે આવતા વિવાદો બાદ અધિક્ષક ડો. આર.એસ. ત્રિવેદી પાસેથી સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ તરીકેનો ચાર્જ છીનવી લેવાયો હતો.

અને તેમની જગ્યાએ પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટના અધિક ડીનના ડો. મોનાલી માકડીયાને નવા સુપ્રિટેન્ડેન્ટ બનાવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સતત વિવાદ, આંતરિક ખટપટ, ઉપરાંત ડો.ત્રિવેદીની રીતિ નીતિ સામે અનેક વખત સવાલો ઉઠ્યા હતા. જે બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારે હાલ ડો. મોનાલી માકડીયાને વહીવટી કામ વધતાં અને તેના કારણે પોતાના વિભાગમાં પૂરતો સમય ન આપી શકતા તેઓ દ્વારા ગાંધીનગર પત્ર લખી એડિશનલ સુપ્રિટેન્ડેન્ટની નિમણૂક કરવાની માંગણી કરવામાં આવી છે.

ઉલેખનીય છે કે, બન્સ અને પ્લાસ્ટિક વિભાગમાં તેમની પાસે ઓછો સ્ટાફ હોવાથી તેમણે રોજિંદા તેમના વિભાગમાં પૂરતો સમય ન ફાળવી શકતા હોવાથી આ માંગણી કરી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત દારૂની પરમિટ માટેનું કામ પણ હજુ સુધી કોઈને સોંપવામાં નથી આવ્યું જેથી તેનું કામકાજ પણ એડિશનલ સુપ્રિટેન્ડેન્ટને જ આપવામાં આવવાની ચર્ચાઓ થઈ રહી છે.

# રાજકોટના રતનપર ગામ પાસે પુજારીની કારમાથીં ૬ બીયરનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે મોરબી રોડ પર રતનપર ગામના પાટિયા પાસેથી પોલીસે કારમાં બીયરના ટીન લઈ નિકળેલા પૂજારીને ઝડપી પાડી ૧૫ બિયર અને કાર મળી રૂ. ૧.૦૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જાણવા મળતી વિગત મુજબ કુવાડવા રોડ પોલીસ મથકના એએસઆઈ કે.વી. જાડેજા, હેડ કોન્સ. ડી.વી. પરમાર સહિતનો ODEAT GODFATHE સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન મોરબી તરફથી આવતી કારમાં બીયરને દોરણસરની જથ્થો હોવાની બાતમીના આધારે પોલીસે રતનપરના પાટિયા પાસે વોચ ગોઠવી હતી. ત્યાથી પસાર થતી કારને અટકાવી તલાશી લેતા બીયરના ટીન નં. ૧૫ (કિ. ૧૫૦૦) મળી આવતા પોલીસે કારચાલક પૂજારી મોહીત મનુભાઈ ધુરેજિયા (રે. મહેશ્વરી આશ્રમ, રતનપર)ની ધરપકડ કરી બીયર અને કાર મળી કુલ રૂા. ૧,૦૧,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.



# રૈયાધારની નામચીન મહિલા ડ્રગ્સ પેડરલનો જામીન પર છુટકરો

## રીક્ષા સવાર માતા-પુત્ર સહિત પાંચ ૬૦૦ ગ્રામ માદક પદાર્થના જથ્થા સાથે ઝડપાયા હતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મોરબી રોડ પર આવેલ બેડી ગામ પાસે પોલીસે સીએનજી રીક્ષાને અટકાવી તલાસી લેતા જેમાંથી ૬૦૦ ગ્રામ ડ્ગ્સ સાથે રૈયાધાર ૧૨ માળિયા ક્વાર્ટરમા રહેતી સુધા સુનિલ ધામેલીયા, મયુર સુનિલ ધામેલીયા, સચિન પ્રવીણ વોરા અને ધર્મેશ પરેશ ડાભી ની ધરપકડ કરી પ્રાથમિક પૂછપરછમાં આ જથ્થો હિતેશ સુનિલ ધામેલીયા એ આપ્યાની કબુલાત આપતા જેના આધારે પોલીસે હિતેશ સુનિલ ધામેલીયાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલહવાલે કર્યો હતો. જૈલ હવાલે રહેલા સુધાબેન સુનિલભાઈ ધામેલીયા ધ્વારા જામીન ઉપર છોડવા સેસન્સ અદાલતમાં જામીન અરજી કરતા જે અરજીની સુનવણી ઉપર આવતા બચાવપક્ષના એડવોકેટ હર્ષ આર. ઘીયા ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ કે મેફેડ્રોન આરોપી પાસેથી કબજે કરેલ માદક પદાર્થ ઈન્ટરમીડીયેટ કવોન્ટીટીમાં આવે છે તેથી એન.ડી.પી.એસ. એકટની કલમ-૩૭નો બાધ નડતો નથી તેમજ ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે તેમજ જામીન અરજી નકકી કરતી વખતે અન્ય કેસના ફેકટસના જોવાના ન હોય તેમજ આરોપીને અગાઉ કોઈ કેસમાં સજા થયેલ નથી હાલ કેસ પેન્ડીંગ છે તેમજ કેસ ચાલતા ઘણો સમય વ્યતીત થાય તેમ હોય તેમજ કેસનુ ભારણ જોતા તાત્કાલીક કેસ ચાલે તેમ નથી. અગાઉ ૩ અને.ડી.પી.એસ. ના ગુન્હાહીત ઈતીહાસના કારણે જામીન



નામંજુર કરવા જોઈએ નહી જે અંગેના સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના માર્ગદર્શક ચુકાદાઓ ઉપર ધ્યાન દોરતા સેસન્સ કોર્ટ દલીલ ગ્રાહય રાખી આરોપીને શરતી જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલો છે. આ કામમાં આરોપણ વતી સોરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા , હર્ષ રોહીતભાઈ ઘયા, જૈમીન જરીયા અને મદદમાં રીધ્ધીબેન ખંઢેડીયા રોકાયેલ હતા.

# રાધ્કિા રેસીડેન્સીમાં બેનના સમાધાન માટે ગયેલા યુવાન પર સાસુનો હુમલો

■ ભાઈ બહેનના સામસામે લગ્ન કર્યા બાદ અણબનાવ બનતા સાસરિયામાં જતા હુમલો કર્યાનો આરોપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં ભાવનગર રોડ ઉપર આવેલા મહીકા ગામના પાટીયા પાસે રાધિકા રેસીડન્સીમાં બેનના સમાધાન માટે ગયેલા ભાઈ ઉપર સાસુએ ધોકા વડે હુમલો કરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મહીકા ગામના પાટીયા પાસે આવેલી રાધિકા રેસીડન્સીમાં રહેતા સતિષ બાબુભાઈ ગમારા નામનો ૨૦ વર્ષનો યુવાન ગંજીવાડામાં હતો ત્યારે સાસુ લાભુબેને ધોકા વડે માર માર્યો હતો યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં સતીશ ગમારા અને તેની બેન કાજલબેનના સામસામા લગ્ન કર્યા છે. અને બહેનના ઝગડાના સમાધાન માટે સતીશ ગમારા અને તેની માતા મોતીબેન ગંજીવાડામાં કાજલના ઘરે ગયા હતા ત્યારે સાસુ લાભુબેન ધોકા વડે માર માર્યો હોવાનું જાણવા મળ્યું છે.આ ઉપરાંત અન્ય બનાવમાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા જીવંતિકાનગરમાં રહેતી કશિશબેન ગૌરવભાઈ રાઠોડ નામની પરિણીતાએ કોઈ અગમ્ય કરણસર બીમારીની વધુ પડતી દવા પી લીધી હતી. જ્યારે શ્રીનાથજી સોસાયટીમાં રહેતા જયદીપ જયસુખભાઈ ચાવડા નામનો ૨૨ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે એસિડ પી લીધું હતું અને નાણાવટી ચોક પાસે આવેલા લક્ષ્મીનગરમાં રહેતા અજય રમેશભાઈ રંગપરા નામના ૨૩ વર્ષના યુવાને ઝેરી દવા પી લીધી હતી. ત્રણેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જસદણના દેવપરા ગામે ૭ લાખનો દારૂ ભરેલા ટેન્કર સાથે ત્રણ શખ્સોની ધરપકડ

## પોલીસે દારૂની ૧૬૫૬ બોટલ અને કન્ટેનર મળી ૩૩ લાખનો મુદામાલ જપ્ત કર્યોઃ દારૂ મંગાવનાર ચોટીલાના અને દારૂ મોકલનાર હરિયાણાના બુટલેગરની શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જસદણ પોલીસે દેવપરા ગામની સીમમાં સપાટો લાખનો દારૂ ભરેલ કન્ટેનર સાથે ત્રણ શખ્સોને પકડી કુલ રૂ.૩૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે દારૂનો જથ્થો મંગાવનાર ચોટીલાના અને મોકલનાર હરિયાણાના શખસની શોધખોળ હાથ ધરી હતી..દરોડાની વિગત મુજબ, જસદણ પોલીસ મથકના પીઆઈ ટી.બી.જાનીની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના કોન્સ્ટેબલ ભાવેશભાઈ, અશોકભાઈ, અનીલભાઈ અને હરેશભાઈને ચોટીલાના ગુંદા ગામના રાજુ શીવા પરાલીયાએ બહારથી ટ્રક કન્ટેનરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવ્યો અને તે દેવપરા ગામની સીમમાં વડલી તરફ જવાના કાચા રસ્તે કટિંગ થતું હોવાની ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી કન્ટેનરની અંદર ચેક કરતા વચ્ચેના ભાગે અન્ય સામાનની આડમાં અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની પેટીઓ મળી આવી હતી. જેથી ડ્રાઈવરનું નામ પુછતા ઝબરસીંગ ગોવિદસિહ રાઠોડ (ઉ.વ.૪૦) (રહે.રાજેસ્થાન) તેમજ અંદર બેસેલ શખસનું નામ પુછતા રણજીત વિહા પરાલીયા (ઉ.વ.૨૫), (રહે.ચોટીલા) અને ત્રીજાએ પોતાનું નામ મહેશ જીવન હીરપરા (ઉ.વ.૩૯), (રહે, જસદણ) હોવાનું જણાવ્યું હતું. બાદમાં દારૂ ભરેલ કન્ટેનર પોલીસ મથકે લાવી દારૂના જથ્થાની ગણતરી કરતાં દારૂની ૧૩૮ પેટી, ૧૬૫૬ બોટલ મળી આવતાં પોલીસે કુલ રૂ.૭.૦૨




લાખનો દારૂ, ટ્રક અને રોકડ મળી કુલ રૂ.૩૩ લાખનો મુદામાલ કબ્જે કરી આરોપીની પૂછપરછ કરતાં દારૂનો જથ્થો હરીયાણાથી રાકેશ ઉર્ફે રીંકુ અને પ્રધાનજી મોકલ્યો હતો. અને ચોટીલાના રાજુ પરાલીયાને આપવાનો હોવાની કબૂલાત આપતા તેની શોધખોળ કરી છે.

# આંબેડકરનગરમાં પોલીસને દારૂની બાતમી આપ્યાનો ખાર રાખી યુવાન પર મહિલા સહિત ચાર શખ્સોનો છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલ રોડ એસ.ટી. વર્કશોપની પાછળ આવેલા આંબેડકરનગરમાં પોલીસને દારૂની બાત્તમી આપ્યાની શંકાએ યુવાન અને તેમના ભાણેજ પર એક મહિલા સહિત ચાર શખ્સોએ છરીથી હુમલો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, આંબેડકરનગરમાં રહેતા મોહીત જેન્તીભાઈ ડાંગર (ઉ.વ.૨૬)એ મનીષભાઈ ડાંગર, અશોકભાઈ સિંધવ અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. તા.૧૯ના રોજ તેમના ભાણેજ આશિષ ચંદ્રપાલની પાનની દુકાને ફાકી ખાવા ગયેલ હતો.

ત્યાંથી પરત ફરતો હતો. ત્યારે ભારત ચૌહાણ, પુનમ ડાંગર અને અશોક સહિત છ શખ્સોએ ગેરકાયદે મંડળી રચી તને અમારો દારૂ પોલીસમાં કેમ પકડાવ્યો કહી હવે તમને મુકવાના નથી છ મારી



નાખવા છે કહી ઢીકાપાટુનો માર માર્યો હતો અને પુનમે છરી કાઢી એક ઘા ઝીંકયો હતો. તેવામાં મોહીતને બચાવવા વચ્ચે પડેલા તેમના ભાણેજ આશિષને પણ છરીનો ઘા ઝીંકી દેતા બંન્ને ઘવાયા હતા અને થોડીવારમાં મોહીતના મિત્રો દોડી જતાં આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા.

આ બનાવમાં તા.૧૭નાં રોજ ભારતના ઘરેથી રાત્રીના પોલીસે દારૂ કબ્જે કર્યો હતો. પોલીસે દારૂની બાત્તમી આપ્યાની શંકાએ છ શખ્સોએ ગેરકાયદે મંડળી રચી ગાળાગાળી કરી હુમલો કર્યો હતો.